Gyan Amrit
જ્ઞાનામૃત

July 2025 - Issue 07
Retail Price 15/-

નવસારીમાં 'વિશ્વ પર્યાવરણ દિવસે' વૃક્ષારોપણ કરતાં નવસારી કૃષિ યુનિવર્સિટીના પ્રો. ડૉ. એસ.ડી.કબાડ, બ્ર.કુ. ગીતાબેન.

સુરત વરાછામાં 'વિશ્વ પર્યાવરણ દિવસે' ડૉ. પ્રમોદભાઈ, માજી મેયર ભગિની અસ્મિતા, ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ્લભાઈ, બેંક ઑફ બરોડાના મેનેજર વિનયભાઈ, MLA પ્રવીણભાઈ, બ્ર.કુ. તૃપ્તિબેન.

મહેસાણામાં 'એક પેડ માં કે નામ' કાર્યક્રમમાં પૂર્વ જીલ્લા વન અધિકારી ભ્રાતા ભોગીભાઈ પટેલ, RFO ભગિની નિપાષાબેન, બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. કુસુમબેન, બ્ર.કુ. અશોકભાઈ.

રાજકોટ હેપી વિલેજ ખાતે 'પ્રાકૃતિક ખેતી' કાર્યક્રમનું ઉદ્દઘાટન કરતાં જીલ્લા પંચાયત પ્રમુખ ભગિની પ્રવિણાબેન રંગાણી, બ્ર.કુ. અંજુબેન, બ્ર.કુ. પુષ્પાબેન, બ્ર.કુ. ચેતનાબેન.

અમદાવાદ થલતેજમાં 'વિશ્વ પર્યાવરણ દિવસે' આયોજીત સ્વચ્છતા અભિયાનમાં પ્લાસ્ટીક પ્રદૂષણ પ્રકૃતિનું રક્ષણ કરવાની પ્રતિજ્ઞા કરતાં બ્ર.કુ. આશાબેન તથા બ્રહ્માવત્સો.

અમરેલીમાં 'વિશ્વ પર્યાવરણ દિવસે' આયોજીત કાર્યક્રમમાં DDO ભ્રાતા પરિમલભાઈ પંડ્યા, TDO ભ્રાતા જયેશભાઈ કટેશીયા, બ્ર.કુ. ગીતાબેન તથા અન્ય.

શહેરામાં 'વિશ્વ પર્યાવરણ દિવસે' આયોજીત કાર્યક્રમમાં બ્ર.કુ. રતનબેન સાથે RSS સદસ્ય વાઘવાનીભાઈ, વકીલ રાજુભાઈ દવે, પ્લેબેક સીંગર દીપક રાજ, કિશોરભાઈ.

ગોંડલમાં 'વિશ્વ પર્યાવરણ દિવસે' વૃક્ષારોપણ કર્યા બાદ સમૂહચિત્રમાં વન સંરક્ષક અધિકારી વૈશાલીબેન, સામાજિક કાર્યકર્તા ભ્રાતા દિનેશભાઈ, વનવિભાગના અધિકારીઓ સાથે બ્ર.કુ. ભાવનાબેન.

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૮ જુલાઈ - ૨૦૨૫ અંક : ૦૭

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- માનસિક સ્વાસ્થ્ય ....તંત્રી સ્થાનેથી ..04
- આપણું ફાઉન્ડેશન છે - યાદની યાત્રા ....દાદી પ્રકાશમણિજી ..06
- પરમાત્મા ઊર્જા ....દાદી હૃદયમોહિનીજી ..07
- મન, બુધ્ધિ અને ચિત્ત સંસારની ....બ્ર.કુ. જગદીશચંદ્ર ..08
- રાજયોગિની દીદી મનમોહિનીજી ....બ્ર.કુ. જયંતીબેન ..10
- ઈશ્વરીય યજ્ઞ સેવાનું મહત્ત્વ ....બ્ર.કુ. સૂર્ય ..12
- પરિસ્થિતિ પર નહીં પણ સ્વસ્થિતિ ....બ્ર.કુ. શિવાની ..13
- ડરો નહીં, આગળ વધો ....બ્ર.કુ. ઉષાબેન ..14
- ખુશખુશાલ જીવનનો આધાર ....બ્ર.કુ. ગીતાબેન ..15
- વિદ્યા વિનયથી શોભે છે ....બ્ર.કુ. હેમંત ..16
- આધ્યાત્મિક રહસ્ય- ગણેશજી ....બ્ર.કુ. જગદીશ ..19
- માનસિક સ્વાસ્થ્ય ....બ્ર.કુ. નીતા ..22
- બુધ્ધિના પ્રકાર ....બ્ર.કુ. જૂનાગઢ ..26
- બાપ સમાન બનવું એટલે ....બ્ર.કુ. વિવેકાનંદ ..28
- દિવ્યદર્શન - દીદી મનમોહિનીજી ....બ્ર.કુ. ડો. નંદિની ..31
- સમજણ ....બ્ર.કુ. જૂનાગઢ ..32
- સંગમયુગ શબ્દાવલી 33

2024ના લવાજમના દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૩૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨,૨૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૫.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧,૬૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૨,૦૦૦.૦૦

કૃતિઓ મોકલવાનું સરનામું

બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ

તંત્રી : જ્ઞાનામૃત

D-202, સાગર રેસીડન્સી, PDPU રોડ,

જાન્વી ફાર્મ સામે, રાયસણ,

ગાંધીનગર - 382007 M. 99798 99104

મુદ્રક અને પ્રકાશક

ભારતી રણછોડદાસ સોમૈયા

-:- વિશેષ નોંધ -:-

સેવાકેન્દ્ર દ્વારા થયેલ સેવાઓના ઓરીજનલ હાઈ રેઝોલ્યુશન વાળા ચોખ્ખા, વ્યવસ્થિત, યોગ્ય ફોટા સાથે મહેમાનોનું આખું નામ, બરોબર હોદ્દો, કાર્યક્રમની સંપૂર્ણ વિગતો સાથે ગુજરાતી જ્ઞાનામૃતના ઈ-મેલ ઉપર જ મોકલવાના રહેશે. જે અગ્રતા ક્રમે ફોટા મળે, તમામ પ્રકારે ફોટાની ગુણવત્તાના આધારે નાના-મોટા બધા સેવાકેન્દ્રોને યથાયોગ્ય સ્થાન આપવાનો પૂરો પ્રયત્ન રહે છે. જે મોબાઈલથી ફોટા પાડ્યા હોય તે મોબાઇલની ગેલેરીમાંથી જ ઓરીજનલ ફોટા હાઈ ક્વોલિટીમાં ઈ-મેલમાં એટેચ કરવા. તમે whatsappમાં મોકલેલા કે કોઈએ ફોટા પાડીને તમને whatsappમાં મોકલાવેલ અથવા કોઈના ફોરવર્ડ કરેલા ફોટા ક્યારે મોકલવા નહીં. whatsappથી મોકલાવેલા ફોટાની પ્રિન્ટિંગ ક્વોલીટી બરોબર હોતી નથી. જે પ્રકાશનમાં કદાપિ લેવાશે નહીં

જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**

Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.

Phone: 079 - 2532 4460

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

માનસિક સ્વાસ્થ્ય

જે ભારતભૂમિ તેના પ્રાચીન ગૌરવશાળી આધ્યાત્મિક સાંસ્કૃતિક, કલાત્મક વારસાથી વિશ્વમાં આદર અને સન્માનનું સ્થાન ભોગવતી હતી તેને બદલે આજે આપણે જેને ભૌતિકવાદી દેશો અને મહાસત્તાઓ કહીએ છે ત્યાંના લોકોમાં જે નૈતિકતાનું ધોરણ જળવાઈ રહ્યું છે તેના કરતાં આપણે ઘણાય પાછળ રહી ગયા છીએ. આપણે ભિન્ન ભિન્ ક્ષેત્રોમાં ભૌતિક પ્રગતિ ઘણી કરી છે. પણ દિન પ્રતિદિન માનવોમાં જે દૂષણો વધી રહ્યા છે તેને કારણે ભારતની સ્થિતિ નબળી પડી છે.

આજે સમાજનું એક પણ ક્ષેત્ર ભ્રષ્ટાચારથી મુક્ત રહ્યું નથી શિક્ષણ, શાસન, ન્યાય, કાયદો, સ્વાસ્થ્ય, સુખાકારી અને સલામતીની સાથે સંકળાયેલા વિવિધ વિષયોમાં કથળતું જતું નૈતિકતાનું ધોરણ ચિંતા કરાવે તેવું છે. પુરુષાર્થને મહત્ત્વ આપનાર, નિષ્કામ કર્મની વાત કરનાર, નિઃસ્વાર્થ પ્રેમ, ત્યાગ, બલિદાન, આતિથ્ય વિશ્વ બંધુત્વ, શાંતિ, અહિંસા, ભાઈચારો આદિ બાબતોમાં મહાનભૂમિકા અદા કરનાર આ રાષ્ટ્ર આજે ભ્રષ્ટાચારના ભરડામાં ભીંસાઈ રહ્યું છે. સમાજજીવનની રગેરગમાં વ્યાપેલો ભ્રષ્ટાચાર, નૈતિક અધઃપતન ક્યાં કઈને અટકશે તે એક વિરાટ સમસ્યા છે.

માનવમાં વધતી જતી લોભવૃત્તિએ માનવને હીન કક્ષાએ મૂકી દીધો છે. તેને સત્તા જોઈએછે, સંપત્તિ જોઈએ છે, સુખ સગવડનાં અદ્યતન સાધનો, સન્માન જોઈએ છે પણ આ માટેનો નીતિમત્તાયુક્ત, સદાચારયુક્ત, ન્યાયી અને નક્કર પુરુષાર્થ કરવો નથી. આજે કોઈને સીધાં ચઢાણ ચઢવાં નથી. તે માટે ત્યાગ, તપસ્યા અને તીવ્ર પુરુષાર્થને પ્રાધાન્ય આપવું નથી. તે માટે યથાર્થ લાયકાતો મેળવવી નથી. પણ આજે તે માટે શોર્ટકટ-ટૂંકો રસ્તો પસંદ છે. જે માર્ગે એને સહજતાથી અને સરળતાથી બધું ઉપલબ્ધ થાય. પણ આ ટૂંકા માર્ગે, સત્તા, સંપત્તિ, સન્માન મેળવવા જતાં તેણે આત્માના અવાજને દબાવી દીધો છે. સચ્ચાઈ, સફાઈ,નીતિ, પ્રામાણિકતા, ધર્મ, નિષ્ઠા, ફરજ પાલન આદિના ગળે ટૂંપો દીધો છે. આ બધા પ્રયત્નો કરવા જતાં તેણે અનેક ગેરકૃત્યોના શિકાર બનવું પડ્યું છે.

પહેલાંના કરતાં આજે મહદ્ અંશે માનવ પાસે સુખ, સગવડનાં સાધનો વધ્યાં છે. સત્તા, સંપત્તિ, સન્માનમાં વધારો થયો છે. આમ છતાં માનવ સાચું સુખ, શાંતિ, આનંદ, પ્રસન્નતાને ગુમાવી બેઠો છે. માનવની રીતભાતમાં કૃત્રિમતાએ પ્રવેશ કર્યો છે. અનેક પ્રકારનાં મહોરાં પહેરીને તે વિવિધ વેશ ભજવે છે. તેનાં, મન, વાણી અને કર્મમાં એકરૂપતા રહી નથી. નિઃસ્વાર્થ પ્રેમ જેવી કોઈ વસ્તુ રહી નથી. વેપારી તો ભિન્ન ભિન્ન ચીજ વસ્તુઓનો વ્યાપાર કરે છે. પણ આજનો માનવ તો ડગલે ને પગલે વેપારી બની ગયો છે.

કોઈનું કામ કરવામાં, સમાજ સેવામાં પણ લાભ અને ફાયદાને શોધી રહ્યાં છે. મેવા મળે તો જ સેવા થાય તેવી તેની ગણતરી હોય છે. કોનું કામ કરવાથી શું મળશે તેનું ગણિત પાકું હોય છે અને આમ તેના દરેક કર્મોમાં ગણતરી અને નફા નુકસાનનો અંદાજ સમાયેલો હોય છે. જેના નામે સંવત ચાલે છે. તેવા પરદુઃખભંજન વિક્રમ રાજાની ભાવનાઓને આપણે ભૂલી ગયા છીએ. ગાંઠનું ગોપીચંદન ખોઈને કોઈને કામ કરવું નથી. લાલો

લાભ વિના લોટે નહીં. આ કહેવત જ આજનું સાચું પ્રતિબિંબ પાડે છે.

પણ આ બધાને અંતે માનવે શું મેળવ્યું ? તેણે માનસિક શાંતિ ગુમાવી દીધી છે. ચહેરા ઉપરની નૈસર્ગિક પ્રસન્નતા ચાલી ગઈ છે. મુખ ઉપરનું કુદરતી હાસ્ય વિલાઈ ગયું છે. માનસિક તાણથી ભરપૂર આજનો માનવ હાઇ બી.પી. લો. બી.પી., કેન્સર, ડાયાબીટીસ, હાર્ટ એટેક, મગજનો તાવ, એઈડ્સ જેવી અનેક બીમારીઓથી ઘેરાઈ ગયો છે. દરેક વ્યક્તિ કોઈને કોઈ માનસિક વ્યાધિથી પીડાયેલી છે.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય ઉપરોક્ત વર્ણિત સર્વ બાબતોથી મહદ અંશે મુક્ત કરાવે છે. તે માટે જીવનમાં માનસિક સ્વાસ્થ્ય માટે શુભ ભાવના, શુભ કામના યુક્ત, કલ્યાણકારી વિચારો કરવા જરૂરી છે. જીવનમાં સાદાઈ, સંયમ, સ્વાશ્રય, સંતુષ્ટતા, સરલતા આદિ ગુણો ધારણ કરવા પડશે. શાંત એકાંત વાતાવરણમાં દેહભાનથી મુક્ત બનવાનો નિરંતર પ્રયાસ કરીને પરમપિતા નિરાકાર જ્યોર્તિબિન્દુ શિવની સ્મૃતિમાં રહેવાનો પુરુષાર્થ કરવો પડશે. દેહભાનની આભાસી દુનિયાથી દૂર થઈ આત્માના અતલ ઊંડાણમાં ડોકિયું કરી સુખના માર્ગે પ્રયાણ કરવું પડશે. તો જ માનવ જીવનમાં સુખ, શાંતિ અને નૈસર્ગિક પ્રસન્નતાનો અનુભવ કરી શકશે.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનાં ભારતમાં તથા વિશ્વના 140 દેશોમાં સેવાકેન્દ્રો આવેલાં છે. આપ આપની નજીકના સેવાકેન્દ્રમાં જઈ સહજ રાજયોગ અને ઈશ્વરીય જ્ઞાન દ્વારા સમગ્ર સમસ્યાઓથી મુક્ત બની જીવનને ધન્ય બનાવો એવી શુભ ભાવના, શુભકામના સાથે વિરમું છું. ॥ ૐ શાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

(પેજ નં. 11નું અનુસંધાન)... દીદી મનમોહિની

યાત્રા પર ન્યૂયોર્ક આવ્યાં તો દાદી જાનકીએ દીદી આવી રહ્યાં છે, દીદી આવી રહ્યા છે. કહીને ઘણી બધી તૈયારીઓ કરાવી. એક શૂટકેસ ભરીને ટોલી અને વિશેષ એક માતાને ભોજન બનાવવા માટે ન્યૂયોર્ક મોકલી. એ વખતે ન્યૂયોર્કમાં સેવાકેન્દ્ર નવું નવું હતું. દીદીના આવવાથી યુનોમાં સેવાનો પ્રારંભ થયો. પછી દીદી લંડન પહોંચ્યાં તો એમની નમ્રતાનું સ્વરૂપ મેં જોયું. દીદી મને પૂછતાં, મારે ભાષણમાં શું બોલવાનું છે. મને ભાષણ કરતાં આવડતું નથી. વિદેશીઓને દીદીની દૃષ્ટિનું બહુ મહત્ત્વ રહ્યું. દીદીની દૃષ્ટિથી કેટલાયે બ્રાહ્મણોનો જન્મ થયો. કેટલાયે બ્રહ્માવત્સોમાં બળ ભળ્યું. દીદી જેને દૃષ્ટિ આપતાં ત્યારે એ વ્યક્તિના પાસ્ટ, પ્રેઝન્ટ, ફ્યૂચરની બધી ખબર પડી જતી હતી. બાબા, દીદી દ્વારા એ લોકોમાં આગળ વધવાનું બળ ભરતાં હતાં. એમને એવો અનુભવ થતો હતો કે અમને બાબાની દૃષ્ટિ મળી રહી છે. જે અમને નવું દિવ્ય જીવન આપી રહી છે.

બાબાના એક એક વાક્ય પર દીદીનું ધ્યાન રહેતું હતું.

દીદી કહેતાં કે વિદ્યાર્થીએ ટીચરના પહેલાં ક્લાસમાં પહોંચવું જોઈએ. એથી એમને સદા એ વાતનું ધ્યાન રહેતું હતું કે દાદી મુરલી સંભળાવે તે પહેલાં ક્લાસમાં પહોંચી જતાં હતાં. દીદી પ્રશ્ન - ઉત્તર રૂપે નોટ્સ લખતાં હતાં. જ્ઞાનની વાતને પૂરી રીતે સમજવા માટે જ્ઞાનમાં બુદ્ધિ લગાવીને દીદી બેસતાં હતાં. દીદી સદા વિદ્યાર્થી બનીને રહ્યાં. બાબાના એક એક મહાવાક્ય પર દીદીનું ધ્યાન રહેતું હતું. બાબા કહે છે, જેને અભ્યાસ સાથે પ્રેમ હોય છે તેનો બાબા પ્રત્યે પણ બહુ પ્રેમ હોય છે. તેઓ જ સ્કોલરશીપ લઈ શકશે. ॥ **ઓમશાંતિ** ॥

આપણું ફાઉન્ડેશન છે બુધ્ધિયોગ - પાયો છે યાદની યાત્રા

રાજયોગિની દાદી પ્રકાશમણિજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ

આપણે સૌ પ્યારા બાબાનો દરેક માનવ માત્રને શુભ સંદેશ, શુભ પૈગામ પહોંચાડનારા છીએ. આ વેરાયટી ઝાડમાં જોઈશું તો પોતપોતાનો ધર્મ સ્થાપન કરવા માટે પેગમ્બર બન્યા છે. તે આત્માઓ પોતપોતાના સમય પર પોતાના પ્યારા બાપના ઘરથી ડાયરેક્ટ આવવાને કારણે સતોગુણી છે. પછી ચક્રમાં આવે છે પણ આપણે પેગંબર સૌથી નિરાલા છીએ. તે બાપના ઘરથી મર્જ થયેલ આત્માઓ આવે છે. જ્યારે આપણને બાપ સન્મુખ જ્ઞાન આપીને પાવન બનાવે છે. બાપે માત્ર જ્ઞાન આપીને જ નહીં પણ પોતાના બનાવીને અધિકારી બનાવ્યા છે. વારસો આપ્યો છે. એ પેગંબરોને તો કહ્યું આપ પોતપોતાનો પિલ્લર ઊભો કરો. અને આપણને પેગમ્બર બનાવ્યા કે તમારે સમગ્ર વિશ્વનું નવનિર્માણ કરવાનું છે. જૂનાને સમાપ્ત કરીને નવું બનાવવાનું છે. સમગ્ર વિશ્વના આત્માઓને મુજ બાપનો પરિચય આપવાનો છે.

બાબાએ આપણને બાળકોને આ બેહદ ઝાડની જડમાં રાજયોગી બનાવીને બેસાડ્યા છે. નવનિર્માણ માટે. યાદની શક્તિનું, પવિત્રતાની શક્તિનું જળ નાંખવાનું છે. આપણે સમગ્ર નવ-નિર્માણના પાયા ઉપર ઊભા છીએ. જ્યારે કોઈ મકાન બનાવીએ છીએ તો તેનો આધાર પાયા પર હોય છે. જેટલું ફાઉન્ડેશન પાકું હશે એટલો ઈમારતનો પ્લાન બનશે. તે પેગબંર કોઈ મકાનના ફાઉન્ડેશન નથી પણ રીપેરીંગ કરનારા છે. પરંતુ આપણે તો નવી દુનિયાના ફાઉન્ડેશનમાં બાબાને અંદર રાખ્યા છે. આપણા બાબા છે ફાઉન્ડર, એમણે આપણને ફાઉન્ડેશનમાં રાખ્યા છે. એમાં યોગનું બીજ વાવો. પવિત્રતાનું બીજ વાવો. જ્ઞાનની શક્તિથી આ ઈમારતને મજબૂત કરો.

એક તરફ આપણે પાયો છીએ બીજી તરફ આપણે બાબાનો પૈગામ આપવાનો છે કે બાપ આવ્યા છે. નવનિર્માણ કરવા. આપણને બાબાએ સંદેશી બનાવ્યા છે. કહ્યું કે ચારે તરફ મારો સંદેશ આપો. એક તરફ આપણે રાજયોગી, પવિત્રતાનું દાન કરનાર યોગી બાળકો છીએ, આપણો યોગ જ સહયોગ છે. પવિત્રતા જ આપણો સહયોગ છે. આ રીતે આપણે બાબાના નવનિર્માણના કાર્યમાં સહયોગ આપીએ છીએ. આપણે નવનિર્માણના આધાર છીએ. આપણા આધાર પર જ આ સૃષ્ટિનો ઉધ્ધાર થવાનો છે. બીજા પેગંબર છીએ.

તે પેગમ્બર આવે છે પોતાનો ધર્મ સ્થાપન કરવા. આપણે કલ્પ કલ્પના આદિમાં આવ્યા પછી જઈ રહ્યા છીએ. હવે આપણે એવો પાયો નાંખી રહ્યા છીએ કે 21 જન્મ સુધી આપણું મકાન સજાયેલું રહે. તો દરેક પોતાની એવી જવાબદારી સમજો છો કે આપણે આ જડમાં બેઠા છીએ. આપણે ટીપી ટીપીને પાયો મજબૂત કરી રહ્યા છીએ? આપણું ફાઉન્ડેશન છે બુધ્ધિયોગ. પાયો છે યાદની યાત્રા. જો પાયો નાંખનારની જ બુધ્ધ ભટકશે તો મકાન કઈ રીતે બનશે? આપણે સૌ પાયામાં છીએ. કહીએ છીએ. બાબા, અમે આપના છીએ. અમને તો સર્વીસની ઘણી ધૂન છે. અગર આજ કોઈ કોન્ટ્રાક્ટર ભણી ગણીને કોન્ટ્રાક્ટ લે અને પછી દગો કરે તો એના ઉપર કેસ ચાલે છે.

(અનુસંધાન પેજ નં. 14 પર)

પરમાત્મા ઊર્જા

રાજયોગિની દાદી હૃદયમોહિનીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ

આપનાં ત્રણ રૂપ કયાં છે? એક છે બ્રાહ્મણ રૂપ જેનાથી સ્થાપનાનું કાર્ય કરો છો. બીજું છે શક્તિ રૂપ જેનાથી વિનાશનું કર્તવ્ય કરો છો. તથા જગત માતા અને જ્ઞાનગંગા તથા સ્વયંને મહાદાની, વરદાની રૂપ સમજવાથી પાલનાનું કાર્ય કરો છો. વરદાની રૂપમાં જગતપિતાનું રૂપ આવી જાય છે. તો આ ત્રણે રૂપ સદૈવ સ્મૃતિમાં રહે તો આપનાં કર્તવ્યમાં એ જ ગુણ જોવા મળશે. જેવી રીતે બાપને પોતાનાં ત્રણે રૂપોની સ્મૃતિ રહે છે. એ રીતે બાપને પોતાનાં ત્રણેય રૂપોની સ્મૃતિ રહે કે અમે માસ્ટર ત્રિમૂર્તિ છીએ. ત્રણે કર્તવ્યો સાથે સાથે જોઈએ. એવું નહીં કે સ્થાપનાનું કાર્ય કરવાનો સમય અલગ છે. વિનાશનું કાર્ય કરવાનો સમય અલગ છે. નવી રચના રચતા જાઓ અને જૂનાનો વિનાશ કરતા જાઓ.

આસુરી સંસ્કાર અને જે પણ કમજોરી છે. એનો વિનાશ પણ સાથે સાથે કરતા જવાનું છે. નવા સંસ્કાર લાવી રહ્યા છીએ. જૂના સંસ્કારો સમાપ્ત કરી રહ્યા છીએ. કેટલાકમાં રચના રચવાનો ગુણ હોય છે. પરંતુ શક્તિરૂપ વિનાશ કાર્ય રૂપ ન હોવાને કારણે સફળતા મળતી નથી. એટલે બંને સાથે સાથે જોઈએ. આ પ્રેક્ટીસ ત્યારે થશે જ્યારે દેહી અભિમાની બનવાનો અભ્યાસ હશે. આવા અભ્યાસી સર્વ કાર્યમાં સફળ થાય છે. પોતાને વરદાની મહાદાની જગત માતા તથા જગત પિતા તથા પતિત પાવનીના રૂપમાં સ્થિત થઈ કોઈપણ આત્માને જો આપ દૃષ્ટિ આપશો તો આપની દૃષ્ટિથી જ તેને વરદાન પ્રાપ્ત થશે. વૃત્તિથી પણ પ્રાપ્તિ કરાવી શકો છો. અર્થાત્ પાલના કરી શકો છો. પરંતુ સદા આ રૂપની સ્મૃતિ રહે.

બ્રાહ્મણ કથા અને જ્ઞાન સંભળાવીને સ્થાપના તો બહુ જલ્દી કરી લો છો પણ વિનાશ અને પાલનાનું જે કર્તવ્ય છે એમાં વધારે એટેન્શન જોઈએ. પાલના કરવાના સમયે કલ્યાણકારી ભાવના તથા વૃત્તિ રાખીને કોઈ પણ આત્માની પાલના કરો તો ગમે તેવા અપકારી આત્મા પર પોતાની પાલનાથી એને ઉપકારી બનાવી શકો છો. ગમે તેવાં પતિત આત્મા પતિત પાવનની વૃત્તિથી પાવન થઈ શકે છે. જેમ મા કદી પોતાનાં બાળકોની કમજોરીઓને જોતી નથી. માત્ર તે તેને સુધારવા તરફ જ ધ્યાન આપે છે.

તો આ પાલના કરવાનું કર્તવ્ય આ રૂપમાં સદા કરવાથી યથાર્થ ચાલી શકે છે. જેમ માતામાં બે વિશેષ શક્તિઓ - સહન કરવાની અને સામનો કરવાની હોય છે. તો દરેક આત્માની પાલના કરતાં વિશેષ આ બે શક્તિઓનો ઉપયોગ કરશો તો જરૂર સફળતા મળશે. જો તમે ભાઈ-બહેનના રૂપમાં જોશો તો એમાં સંકલ્પ આવી શકે છે. પણ મા-બાપના રૂપમાં સમજો. મા-બાપ બાળકોનું કેટલું સહન કરી લે છે. અંદરમાં સમાવી લે છે ત્યારે જ પાલના યોગ્ય બને છે. તો સદૈવ દરેક કર્તવ્ય કરતી વખતે આ ત્રણે રૂપની સ્મૃતિમાં રહેવું જોઈએ. જેવી સ્મૃતિ તેવું સ્વરૂપ અને જેવું સ્વરૂપ તેવી સફળતા.

॥ ઓમશાંતિ ॥

મન,બુધ્ધિ અને ચિત્ત સંસારની સૌથી અદ્‌ભુત વસ્તુ

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી

'મન' અહીં સ્વયં આત્માના જ ધ્યાન, અવધાન, મનન, ચિંતન ઈત્યાદિની યોગ્યતા અને શક્તિ છે. તેથી મન નામને કોઈ પ્રકૃતિકૃત પદાર્થ આત્માથી ભિન્ન માનવો તે મનને ન જાણવાને કારણે છે.

એ રીતે સુષુપ્તિ પણ સ્વયં આત્માની જ ઈચ્છા, સંકલ્પ અથવા ભાવનાનું પ્રતિકૂળ છે. કે હું સંકલ્પ - પ્રવાહને બંધ કરું, જેથી શરીરને વિશ્રામ મળે. તેથી સત્યતા તો એ છે કે સુષુપ્તિની સ્થિતિ જ આ રહસ્યનું પ્રમાણ છે કે મન આત્માથી કોઈ જુદી વસ્તુ નથી. અને ખુલ્લી આંખોના દૃષ્ટાંતથી તો સત્યતાને વધારે પુષ્ટિ મળે છે. કારણ કે મન આત્માથી કોઈ અલગ સત્તા હોત તો આંખો ખૂલેલી હોવાથી જોવાની પ્રક્રિયા અવશ્ય થતી રહે છે. તેથી સિધ્ધ થાય છે કે મન આત્માથી અલગ વસ્તુ નથી.

શું પ્રાણાયામની ક્રિયા મનનું જુદું અસ્તિત્વ સિધ્ધ નથી કરતી?

કેટલાક લોકો પ્રાણાયામ આદિ ક્રિયાઓનું ઉદાહરણ આપીને પોતાની એ માન્યતા સિધ્ધ કરવા ઈચ્છે છે કે મન આત્માથી અલગ છે. પ્રાણાયામનો અભ્યાસ મનુષ્ય મનના નિરોધ માટે પણ કરવામાં આવે છે. સાધારણ ભાષામાં પ્રાણાયામને શ્વાસ ચઢાવવો એમ પણ કહેવામાં આવે છે. પ્રાણાયામને કારણે મનની ચંચળતા થોડી અટકી જવાને કારણે તેઓ સમજે છે કે મન એક પ્રકૃતિનો જ પદાર્થ છે. જેની ચંચલતાને પ્રાણોના નિયંત્રણથી રોકી શકાય છે. પરંતુ સત્યતા એ છે કે શ્વાસ રોકવાથી તો સ્વયં (અર્થાત્ સંકલ્પ, વિવેક, કલ્પના, સ્મૃતિ)ને વ્યક્ત કરવામાં અયોગ્ય બની જવાય છે. કારણ આત્મા અને શરીરનો સંબંધ જ એવો છે આત્મા વાયુ દ્વારા ઈન્દ્રિયોથી કામ લે છે. તેથી પ્રાણાયામથી સંકલ્પોનું અટકી જવું સિધ્ધ કરતું નથી. કે મન આત્માથી કોઈ અલગ વસ્તુ છે. પરંતુ એનાથી એ નિષ્કર્ષ નીકળે છે કે આત્મા જ સંકલ્પમય છે જે પોતાના સંકલ્પ પ્રવાહને રોકવાનો સંકલ્પ કરીને પ્રાણાયામ દ્વારા સ્વયંના સ્નાયુ કેન્દ્રો અથવા ઈન્દ્રિયોથી અલગ કરવાનો પ્રયાસ કરે છે. જ્યારે આત્માનો ઈન્દ્રિયોની સાથે કેટલાક સમયના માટે સંબંધ વિચ્છેદ થઈ જાય છે. તો સંકલ્પ ચાલ્યા કઈ રીતે? સંકલ્પ તો કંઈક કરવાની ભાવનાને કારણે ઉઠે છે પરંતુ પ્રાણાયામની એ અવસ્થામાં તો આત્મા ન તો કર્મ કરવા ઈચ્છે છે અને ન તો કર્મ કરવાને યોગ્ય હોય છે. પુનઃ શ્વાસનું બહાર ફેંકવું એ સિદ્ધ કરે છે કે કોઈ અનુભવશીલ, વિચારવાન સત્તા જે છે તે જ સંકલ્પમય છે.

શું આત્મા મન-બુધ્ધિથી અલગ નથી ?

કેટલાક વિચારકો કહે છે કે આત્માને મન-બુધ્ધિથી અલગ માની રહ્યા છે. તેઓ કહે છે કે આત્માનો અનુભવ તો ત્યારે જ થાય છે જ્યારે આપણે મનથી અલગ થઈ જઈએ છીએ.

આત્મા મન બુધ્ધિથી પરે છે આ યુક્તિ તો એક દૃષ્ટિકોણથી તો બરાબર છે પણ એનો એ અર્થ એ નથી જે મનને પ્રકૃતિકૃત માનનારા લોકો કહે છે. આત્માનુંભૂતિ માટે મન નામના કોઈક

સૂક્ષ્મ, પ્રકૃતિકૃત પદાર્થથી પાર જવાનું હોતું નથી. પણ મનની ચંચળતા, વિકલ્પો અથવા અશુદ્ધ સ્મૃતિનો નિરોધ કરવાનું હોય છે. એના માટે ધ્યાન, સ્મૃતિ અને નિશ્ચયને બહારના પદાર્થોથી ખેંચીને નિજ સ્વરૂપ અથવા પરમાત્મા સ્વરૂપમાં એકાગ્ર કરવાનું હોય છે. એની એકાગ્રતાનો અર્થ છે મનથી પરે જવું. આત્મા જ્યારે અશરીરી અવસ્થામાં આ જગતથી પાર નિર્વાણધામમાં હોય છે, ત્યાં પણ તેનું મન લીન હોય છે. આ સ્વરૂપ અવસ્થામાં પણ આત્માને મન, બુધ્ધિથી અલગ અવસ્થા કહી શકાય છે. તેથી આત્માનુંભૂતિ માટે મન, બુધ્ધિથી અલગ જવાનું રહસ્ય એ છે કે આત્મા આ નિશ્ચય અથવા સ્મૃતિમાં સ્થિત રહે કે હું આત્મા છું.

શું સત્, રજ, તમ આદિ ગુણોથી મનનું પકૃતિકૃત હોવું સિધ્ધ નથી થતું?

લોકો મોટે ભાગે સમજે છે કે સત, રજ, તમ નામના ત્રણ ગુણ પ્રકૃતિકૃત મનના ગુણ છે.

સતયુગમાં મનુષ્ય દેહી નિશ્ચય બુધ્ધિ હતા અને સતોપ્રધાન હતા. કારણ કે એ સમયે લોકોનાં મન, વચન, કર્મ શુદ્ધ, સત્ય અને પવિત્ર હતાં. ત્રેતાયુગમાં આત્મા નિશ્ચયની તથા દિવ્યગુણોની પરાકાષ્ઠા થોડી ઓછી થઈ એટલે સતોગુણ પણ સામાન્ય અવસ્થાએ આવ્યો. એ રીતે કલિયુગના લોકો દેહ અભિમાની અને આસુરી લક્ષણોથી યુક્ત હોવાના કારણે તમોગુણી છે.

તો માલૂમ રહે કે સતોગુણી, રજોગુણી આત્માને જ એના વિચારો, ભાવનાઓ તથા કર્મોના આધાર પર કહેવામાં આવે છે. જ્યારે જડ વસ્તુમાં તો સંકલ્પ જ ઉઠી શકતા નથી. તો મનને પ્રકૃતિનું માનવું અને સત્, રજ, તમ્ આદિ ગુણ એને આપવા એ મહાન ભૂલ છે.

સચ્ચાઈ તો એ છે કે પ્રત્યેક યુગમાં મનુષ્ય આત્માની અવસ્થા પરિવર્તનના પરિણામ સ્વરૂપ જ પ્રકૃતિમાં પણ ગુણ પરિવર્તન થાય છે. સતયુગમાં પ્રકૃતિમાં પણ સતોપ્રધાન ગુણ હોય છે. કારણ કે સતોગુણી (સત્યજ્ઞાન ગુણવાળી) હોય છે. આ રીતે બીજા યુગોમાં પણ પ્રકૃતિ ગુણ પ્રધાન હોય છે. એનું કારણ મનુષ્ય આત્માઓના પોતાના જ ગુણ હોય છે. આ રહસ્ય અમે એક ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરીએ છીએ.

અનુમાન કરો કે એક જ પ્રકારની ભૂમિમાં શેરડી, લીંબુ અને મરચાં વાવીએ છીએ. હવે આપ જોશો કે ભૂમિની જાત તો સમાન છે. છતાં પણ દરેક પ્રકારના બીજ પૃથ્વીમાં પોત પોતાને અનુસાર જ પરમાણુ આકૃષ્ટ કરશે. અથવા એમાં પરિવર્તન લાવી દેશે. ભૂમિની માટી તો મીઠી, ખાટ્ટી છે. પરંતુ એ બીજ જ છે જે પોતાને અનુસાર ભૂમિના પરમાણુઓમાં વિશેષ સ્વાદ લાવી દે છે. હવે જે રીતે બીજ, જળ, વાયુ અને પૃથ્વી તત્ત્વને પોતાને અનુકૂળ કરીને એમાંથી પોતાને અનુકૂળ તત્ત્વ ખેંચી લે છે. તે રીતે આત્માઓ પણ પોતાના ગુણો અનુસાર પ્રકૃતિમાં એ રીતે ગુણ પ્રદાન કરવા માટે નિમિત્ત બને છે. ॥ઓમશાંતિ॥

- **જરા વિચારીને અનુભવ કરો કે... એક બાપ (પરમાત્મા)ના પ્રેમમાં મગ્ન થવું જ સંપૂર્ણ જ્ઞાન છે. કારણ કે તે માટે સ્વયંને સર્વ આકર્ષણોથી તથા ચિંતનથી મુક્ત કરવાના હોય છે. એકના પ્રેમમાં તેઓ મગ્ન થઈ શકે છે જે ચારે બાજુથી અનાસક્ત હોય. જો કંઈ પણ આપણી બુધ્ધિને ખેંચી રહ્યું હોય, પછી તે વ્યક્તિ, વૈભવ યા કોઈ ઈચ્છા, આવા સંસ્કારોથી તો મગ્ન સ્થિતિ નહીં આવે. બાપના પ્રેમના પાત્ર બનો તો એમનો પ્રેમ તમને પ્રેમમાં મગ્ન કરી દેશે.**

રાજયોગિની દીદી મનમોહિનીજી

રાજયોગિની બ્ર.કુ. જયંતીદીદી, અધિક મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ.

ઓક્ટોબર, 1968માં હું જ્યારે યજ્ઞમાં સમર્પિત થઈ ત્યારે બાબાએ મને વરિષ્ઠ દીદી મનમોહિનીની સાથે ટૂરમાં મોકલી. અમારી ટ્રેઈન રાત્રિના સમયે આબુ રોડ સ્ટેશનથી હતી. એ દિવસોમાં માઉન્ટ આબુથી નીચે આવવામાં માટીનો રસ્તો હતો. અમે માઉન્ટ આબુથી દીદી સાથે ગાડીમાં આબુ રોડ જવા નીકળ્યાં. મને લાગ્યું કે દીદી આખો દિવસ કારોબારમાં વ્યસ્ત રહ્યાં છે. તો ગાડીમાં થોડો આરામ કરવાનું વિચારશે. પરંતુ દીદીએ તો શરૂઆતથી જ પોતાની અને યજ્ઞની વાતો કહેવાનું શરૂ કર્યું. ટ્રેઈન આવવા સુધી વીઝીટીંગ રૂમમાં દીદી પોતાની વાતોથી મને પ્રેરણા અને શક્તિ આપતાં રહ્યાં. પ્રવાસ દરમિયાન દીદી પાસેથી ઘણું શીખવા મળ્યું. પછીથી હું આગ્રાથી પાર્ટી લઈને ડિસેમ્બર, 1968માં મધુવન આવી અને દીદી આગળની ટૂર પર ગયાં. એ સમયે મોબાઈલ ફોન નહોતા.

જ્યારે બાબા અવ્યક્ત થયા તો અમે જ્યાં ફોન કરતાં હતાં ત્યાંથી માહિતી મળતી હતી કે દીદી આગળની ટૂર માટે નીકળી ગયાં છે. જેને કારણે બાબાના અવ્યક્ત થયાના સમાચાર દીદીને 20 જાન્યુઆરી, સોમવારે મળ્યા. દાદી શાંતામણિ પણ દીદીની સાથે હતાં. તેઓ બન્ને 21, જાન્યુઆરી 1969ને મંગળવારે જ્યારે બાબાના શરીરને સજાવીને ટ્રકમાં રાખી રહ્યાં હતાં ત્યારે મધુવન પહોંચ્યાં. બાબાના અવ્યક્ત થયાની આસપાસની મુરલીઓમાં, કર્માતીત સ્થિતિ માટે, યોગાગ્નિને તેજ કરવા માટે, બીજ રૂપ સ્થિતિ બનાવવા માટે બાબા પોતાના અનુભવો જણાવી રહ્યા હતા. પરંતુ કોઈને પણ એ સમજાયું નહીં કે બાબા આવનાર સમય માટે અમને પણ તૈયાર કરી રહ્યા છે. પોતાના પુરુષાર્થની વાતો બાળકોને સંભળાવી રહ્યા છે.

દીદી પાસેથી હું સંગનો રંગ શીખી. દીદીના શ્રેષ્ઠ જીવનથી બહુ પ્રેરણા મળતી હતી. ભગવાનની પ્રાપ્તિના અનુભવની મસ્તીમાં દીદી કોઈપણ વાત વિચારી શકતાં નહોતાં. બસ બાબાના જ બનવું છે અને બાબાના બનીને જ રહેવું છે. બાબા કહે તેજ આજ્ઞા માનવાની છે. આજ એક લગન હતી.

અષ્ટ રત્નોમાંથી એક વિશેષ રત્ન

દીદીનું લૌકિક નામ ગોપી હતું. પછી જ્યારે અવ્યક્ત નામ આવ્યા ત્યારે એમનું અવ્યક્ત નામ મનમોહિની પડ્યું. ભગવાનની ગોપી કેવી મસ્તાની હોય છે. કઈ રીતે ભગવાનના પ્રેમમાં સુધબુધ ખોઈ બેસે છે. તે દીદીની જીવન કહાનીમાંથી અમને

જાણવા મળ્યું. દીદી માટે તો બાબા જ સંસાર હતા. જે બાબા કહે, જે રીતે બાબા કહે, બાબાની આજ્ઞા માથે ચઢાવતાં હતાં. દીદીના જીવનને જોઈને એ અનુભવાતું હતું કે દીદી અષ્ટ રત્નોમાં એક વિશિષ્ટ રત્ન છે.

દીદી પર બાબા બહુ વિશ્વાસ રાખતા હતા.

દીદીનો મંત્ર હતો, **'એક બળ અને એક ભરોસો'**. બાબાએ જ્યારે દીદીને કરાંચીથી ભારત મોકલ્યાં. ત્યારે કહ્યું હતું કે આપ એવી જગ્યા શોધો કે જ્યાં વિશ્વના મનુષ્યોની દૃષ્ટિ મારાં બાળકો પર ન પડે. એ સ્થળ એવું હોય કે એક છતની નીચે સમગ્ર ઈશ્વરીય પરિવાર રહી શકે. એક છતની નીચે 400 લોકો માટે કેટલું મોટું મકાન જોઈએ. દીદીએ મુંબઈ, પૂનાના ચક્કર લગાવ્યાં. સિંધી સમાજવાળા સ્વામી ગંગેશ્વરાનંદને બહુ માનતા હતા, આદર કરતા હતા. સ્વામીજીને પણ બાબા પ્રત્યે બહુ આદર અને પ્રેમની ભાવના હતી. એમણે પોતાના શિષ્યો સાથે દીદીને માઉન્ટ આબુમાં વ્રજકોઠી પસંદ કરી. એકવાર દિલ્હીમાં એકપણ સ્થાન પસંદ ન પડ્યું. પછી બાબાએ પાંડવભવનમાં જ ટ્રેનીંગ સેન્ટર બનાવ્યું.

મુરલીમાં બાબાએ દરેક પ્રકારની પરિસ્થિતિઓનો ઉકેલ બતાવ્યો છે.

દીદી કોઈની સાથે વાતો કરતાં તો પોતાનો અભિપ્રાય આપતાં નહોતાં. દીદી એક પળ વિચારતાં કે બાબા આ સમયે શું કહેતા, તે અનુસાર પોતાનો અભિપ્રાય આપતાં હતાં. એક વાર એક માતાએ દીદીને કહ્યું, મને જ્ઞાન બહુ પસંદ છે પણ મને મારા ગુરુ પાસેથી પણ બહુ પ્રાપ્તિ થઈ છે. એટલે હું મારા ગળામાં પહેરેલું ગુરુનું લોકેટ કાઢવા ઈચ્છતી નથી. શું બાબા એમ કહે છે કે તેને ઊતારી દો. દીદીએ એક સેકંડમાં વિચારી લીધું કે નહીં, બિલકુલ નહીં. બાબા સામે હોત તો એ કહેતા કે તમે જ્ઞાનનો અભ્યાસ કરો. ગુરુમાં આપને વિશ્વાસ છે તો કોઈ વાંધો નહીં. કોઈપણ વાત આપણી સામે આવે છે તો આપણે પોતાના મસ્તિષ્કથી વિચારીએ છીએ કે આમાં આપણે શું કરવું જોઈએ. પરંતુ મુરલીમાં બાબાએ આવનારી બધી પરિસ્થિતિઓનો ઉકેલ બતાવ્યો છે. તો આપણે જેટલું મુરલીઓનું અધ્યયન કરીશું. તો એ ધ્યાન રહેશે કે બાબા, શું ઈચ્છે છે?

દીદી, બાબાની દરેક વાતને સારી રીતે સમજીને પાલન કરતાં હતાં.

દીદીનો બાબાની સાથે ઘણો મૈત્રીપૂર્ણ સંબંધ રહ્યો. દીદી, બાબાની દરેક વાતનું સારી રીતે સમજીને પાલન કરતાં હતાં. જ્યારે પહેલીવાર ગુલઝારદાદીના તનમાં બાબાની પધરામણી થઈ. તો બાબાની સામે ભોગની થાળીમાં એક ટ્રેમાં ફૂલ રાખ્યાં હતાં. જેમાંથી એક ફૂલ લઈને બાબાએ દાદીના મસ્તક પર મૂક્યું અને બીજું ફૂલ ઉઠાવીને દીદીના શિર પર મૂક્યું. પછી સમગ્ર સભાને જોઈને બાબા બોલ્યા. સૌને સ્વીકાર્ય છે? કોઈને કંઈ કહેવાનું તો નથીને? સમગ્ર સભાએ બાબાની આજ્ઞાનો સ્વીકાર કર્યો. એકવાર બાબાએ કહ્યું છે કે દીદી છે લાઈટ અને દાદી છે માઈક બંનેમાં પોત પોતાની વિશેષતા છે. દાદી-દીદીએ યજ્ઞની શરૂઆતથી ચાલી આવેલા નિયમોને પૂર્વવત્ ચાલુ રાખ્યા. પાછળથી નવી આવશ્યક વાતો જોડાતી ગઈ પરંતુ આધાર એ રહ્યો કે બાબાએ જે કર્યું છે તે જ કરવાનું છે. ત્યારે જ યજ્ઞની વૃધ્ધિ થશે. જેમાં કોઈ પણ પ્રકારની ખામી રહી નહીં.

દીદીની દૃષ્ટિ, બાબાની જ દૃષ્ટિનો જ અનુભવ કરાવતી હતી.

દીદી જ્યારે પહેલી વાર સન્ 1981માં વિદેશ

(અનુસંધાન પેજ નં. 05 પર)

ઈશ્વરીય યજ્ઞ સેવાનું મહત્ત્વ

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ

આ કલિયુગી ઘોર નર્કને સતયુગી સ્વર્ગમાં બદલવા માટે રુદ્રે મહાકાલે, શિવબાબાએ રુદ્ર ગીતાજ્ઞાન યજ્ઞ રચ્યો. એમાં અનેક ભાઈ-બહેનોએ પોતાનું જીવન સ્વાહા કરી દીધું. મતલબ કે પોતાની બુરાઈઓને સ્વાહા કરી દીધી, પોતાના મનોવિકારોને સ્વાહા કરી દીધા. આ યજ્ઞ દેશ વિદેશોમાં ફેલાઈ ગયો છે, ગહન યોગ તપસ્યા ચાલી રહી છે. પવિત્રતાની શક્તિમાં વૃદ્ધિ થઈ રહી છે. એનાથી જ આ યુગ બદલાશે. જૂનો યુગ સમાપ્ત થઈ જશે. ભગવાનના શબ્દોમાં કહીએ તો પાપથી ભરેલી આ દુનિયા સમાપ્ત થઈ જશે. પુણ્ય આત્માઓની દુનિયા, દેવી-દેવતાઓની દુનિયા જેને સતયુગ કહીએ છીએ. તે આવશે ચારે બાજુ સુખ ચેનની વાંસળી વાગશે. ખુશી અને આનંદ જ હશે. અઢળક ધન સંપદા હશે. પ્રકૃતિ બહુ સુખદાયી હશે. સર્વ પ્રદૂષણ સમાપ્ત થઈને પ્રકૃતિ પાવન બની જશે. આ મહાન કાર્ય આ રુદ્રયજ્ઞ દ્વારા ચાલી રહ્યું છે જે સંપૂર્ણ થઈ જશે.

અનેક બ્રહ્માવત્સ તેમાં પોતાની સેવાઓ આપી રહ્યા છે. ગીતાના ત્રીજા અધ્યાયમાં લખ્યું છે કે બ્રહ્માએ યજ્ઞ રચીને બ્રાહ્મણો (બ્રહ્માવત્સો)ને કહ્યું કે હે વત્સો ! તમે આ યજ્ઞથી દેવી દેવતાઓને પ્રસન્ન કરો, સંતુષ્ટ કરી તો દેવતાઓ તમને મન ઈચ્છિત ફળ આપશે. તો ભગવાને માઉન્ટ આબુમાં જે યજ્ઞ રચ્યો છે, તે સ્થાન મહાન તીર્થ બની રહ્યું છે. એમાં દેવકુળના અનેક આત્માઓ આવે છે. તેઓ પુનઃ પોતાના જીવનને દેવતુલ્ય બનાવી રહ્યા છે. જે ઈશ્વરીય સેવામાં તત્પર છે એમણે અહીં આવનારાઓને સંતુષ્ટ કરવાના છે. જ્યારે તેઓ સંતુષ્ટ થશે, ખુશ થશે તો સેવા કરનારાઓને મન ઈચ્છિત ફળ મળશે. એમનું બહુ કલ્યાણ થઈ જશે. એવા કેટલાયે હજારો બ્રહ્માવત્સો આ યજ્ઞમાં આ મહાન રુદ્ર યજ્ઞમાં પોતાનું જીવન સ્વાહા કરી રહ્યા છે. સેવાની સાથે પવિત્રતાની ધારણા પણ કરે છે. આ યજ્ઞમાં કોઈ અપવિત્ર વ્યક્તિ રહી શકતી નથી, એ નિયમ છે. તેથી આ મહાન યજ્ઞથી મહાન કાર્ય થશે, જે અસંભવ લાગે છે. પાપની દુનિયાની સમાપ્તિ અને પુણ્ય દૈવી દુનિયાનું આગમન થશે. અહીં તનથી, મનથી, ધનથી સેવા થાય છે. અહીં પવિત્રતાનાં આંદોલનો ફેલાઈ રહ્યાં છે. અહીંથી યોગનાં વાયબ્રેશન સમગ્ર સંસારમાં ફેલાઈ રહ્યાં છે. આ યજ્ઞ મહાન લાઈટ હાઉસ બની રહ્યો છે.

એક ઘણી સૂક્ષ્મ વાત ભગવાને પોતાનાં વાક્યોમાં કહી છે. જ્યારે કોઈએ કહ્યું કે અમે સમર્પિત લોકો તો ધનને સેવામાં લગાવતા નથી. કારણકે કોઈ કામ-ધંધો નોકરી તો કરતા નથી. અમે જીવન સમર્પિત કરી દીધું છે. વાસ્તવમાં ધનથી પણ મોટી ચીજ મનુષ્યનું જીવન હોય છે. જીવનની કિંમત આંકી શકાય તેમ નથી, તે અમૂલ્ય છે. તો બાબાએ ઉત્તર આપ્યો કે યજ્ઞ સેવામાં જો તમે ઈકોનોમી કરો છો. અર્થાત્ બચત કરો છો તો તે બચાવેલું ધન યજ્ઞમાં તમારા નામે જમા થાય છે. દા.ત. કામ વગરની લાઈટ થઈ રહી છે, પંખાઓ ચાલી રહ્યા છે કોઈ ત્યાં નથી તો બોજ ચઢશે અને આપણે એમને બંધ કર્યાં તો તેનાથી આપણું પુણ્ય જમા થશે.

(અનુસંધાન પેજ નં. 13 પર)

પ્રસન્નતાના પથ પર

પરિસ્થિતિ પર નહીં પણ સ્વસ્થિતિ ઉપર ધ્યાન

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા

વર્તમાન સમયમાં દરેક ઘરમાં એક એવો આત્મા જોઈએ જે ઘરને બદલી દે. એક સંકલ્પ, એક શક્તિશાળી મન, એક વિચાર જે આવેલી પરિસ્થિતિનો સામનો કરવાની શક્તિ આપે છે. પરંતુ બોલવાની રીત, સંભળાવવાની રીત અને એના વિશે વિચારીને નાની વાતને મોટી બનાવી દીધી. જો નાની વાત મોટી બની શકે છે તો શું મોટી વાત નાની નથી બની શકતી? પરમાત્મા કહે છે કે ભલે તમે ઈચ્છો તો રાઈનો પહાડ બનાવી દો અને પહાડને રાઈ બનાવીને એને રૂ બનાવીને એક ફૂંક મારીને એને ઉડાવી દો. પછી તો વાત જ સમાપ્ત થઈ જાય છે. આપણા જીવનમાં દરરોજ વાતો આવે છે વાતો અર્થાત્ જીવનની કોઈ ઘડી મોટી મુસીબત નહીં. નાની નાની વાતો આખો દિવસ આવે છે.

જ્યારે વાતો યા પરિસ્થિતિઓ આપણા અનુસાર હોતી નથી. જ્યારે તે વાત આવી ત્યારે મારા મનની સ્થિતિ કેવી હતી. મારા શબ્દ અને વ્યવહાર કેવા હતા. શું એ વાતે મારા મનની સ્થિતિને થોડી પણ હલચલમાં લાવી? ચિંતા, પરેશાની, ચીડિયાપણું, નારાજગી આવી? આ સર્વ છે પરિસ્થિતિની મારા મનની સ્થિતિ પર અસર. થોડું એ વિશે વિચારો. એણે આમ કરવું જોઈતું નહોતું. એણે આમ કેમ કર્યું? વિચારો હવે એ જોવાનું છે કે એ પરિસ્થિતએ મારા મનની સ્થિતિ પર પ્રભાવ પાડ્યો?

આજનું સૌથી મોટું હોમવર્ક એ છે કે જ્યારે પરિસ્થિતિ આવી જાય તો સ્વ સ્થિતિ પર ધ્યાન રાખો. કારણ કે તે મારા નિયંત્રણમાં છે. ક્યાંય કંઈ થાય છે તે આપણા નિયંત્રણમાં નથી. ઋતુમાં ગરમી છે. આપણા કન્ટ્રોલમાં છે? ના. શું આપણે ગરમીની બાબતમાં પોતાના વિચારો બદલી શકીએ છીએ? એની જગ્યાએ બોલીએ કેટલી સારી ઋતુ છે. આ બધી પ્રકૃતિ મને કેટલો સહયોગ આપે છે.

પરિસ્થિતિ આપણા હાથમાં નથી પણ મનની સ્થિતિ મારા કન્ટ્રોલમાં છે. પરિસ્થિતિ ચાહે બદલે યા ન બદલે મનની સ્થિતિ બદલવી શરૂ થઈ જાય છે. મનને શાંતિ, ખુશી, શક્તિ મળવી શરૂ થઈ જાય છે.

॥ ઓમશાંતિ ॥

- **પૃથ્વી પર ત્રણ રત્નો છે પાણી, અન્ન અને સુભાષિત પણ અજ્ઞાનીઓ પથ્થરના ટૂકડાને જ રત્ન સમજે છે.**

(પેજ નં. 12નું અનુસંધાન)... ઈશ્વરીય યજ્ઞ

પાણીની તંગી છે. તે વખતે આપણે થોડા પાણીમાં કાર્ય કર્યું. બચાવેલા પાણીથી આવનારને સુખ મળ્યું તે આપણી બચત થઈ ગઈ. આ ઘણું મોટું પુણ્ય જમા થશે. ભોજનમાં, શાકભાજીના બગાડને આપણે દૂર કર્યું તો આપણું ધન જમા થશે. તો આપણે તનથી પણ સારી સેવા કરીએ, મનથી પણ ખૂબ સેવા કરીએ. ધન જેટલું લગાવી શકીએ તેટલું આ મહાનકાર્યમાં લગાવીએ.

॥ ઓમશાંતિ ॥

જો આપની પાસે સારી વાતોનો ખજાનો છે
તો ડરો નહીં, આગળ વધો

બ્ર.કુ. ઉષાબેન, શાંતિવન, આબુ રોડ

મને યાદ છે જ્યારે હું સ્કૂલમાં ભણતી હતી એ સમયથી હું બ્રહ્માકુમારી સંસ્થામાં જોડાઈ હતી. મારા વર્ગમાં વિદ્યાર્થીઓ મારી મજાક કરતા હતા. જ્યારે ફ્રી પીરિયડ હોય ત્યારે મને લાગતું હતું કે મારા માટે આ મુશ્કેલીનો સમય છે. તેઓ આવતા અને કહેતા હતા કે તું તારું ભાષણ શરૂ કેમ કરતી નથી? મેડીટેશન પર બોલો, સારું શિવ-શંકર વિશે જણાવો. આત્મા વિશે બોલો, પરમાત્મા વિશે બોલો. અર્થાત્ તેઓ મને એટલી પરેશાન કરતાં અને મજાક ઉડાવતા હતા. તેઓ કહેતા તું ભાષણ કેમ કરતી નથી. મેં કહ્યું, તમારે સાંભળવું હોય તો હું શરૂ કરું છું. ધીરે ધીરે એવું બનવા લાગ્યું કે હું વાત વાતમાં એમને જ્ઞાન સંભળાવતી રહેતી.

હું વિચારતી હતી કે મારી પાસે સારી વાતો છે તો મારે સંભળાવવું જોઈએ. તેઓ મજાક કરે છે તો હું સ્વયંને શા માટે રોકું? મારી પાસે તો સારી વાતો છે. એમની પાસે તો કોઈ સારી વાત નથી. તેઓ સાંભળવા ઈચ્છે, તો હું સંભળાવતી હતી. જ્યારે હું સંભળાવવા લાગી તો ધીરે ધીરે એવો પ્રભાવ પડ્યો કે એમના જીવનમાં પરિવર્તન આવવા લાગ્યું. હવે ક્યારેક મિત્રોમાં કોઈ ચર્ચા થઈ જતી, કોઈ ખોટું સમજતાં, એના કારણે બન્ને મિત્રોમાં મતભેદ થઈ જતો હતો. તો તેઓ વિચારતા કે કોની પાસે જઈએ. તેઓ મારી પાસે આવતા હતા. તેઓ કહેતાં કે જ્યારે ગેરસમજ થાય ત્યારે બ્રહ્માકુમારીમાં એનો કોઈ ઉકેલ છે? એ સમયે મને મિત્રો બનાવવાની તક મળતી હતી. જ્યારે હું એ મિત્રોમાંથી ગેરસમજણ દૂર કરતી હતી તો બ્રહ્માકુમારી સંસ્થાનો એમના ઉપર પ્રભાવ પડતો હતો. શ્રધ્ધા બેસી જાય છે. પછી ધીરે ધીરે સમગ્ર વાતાવરણ બદલાય જાય છે. મને લાગ્યું કે હું સર્વને બદલી શકી.

એમની મજાક કરવાની આદત એવી બદલાઈ ગઈ કે તેઓ કહેવા લાગ્યાં આપ લોકોનું જ્ઞાન બહુ સારું છે. મજાક સહન કરવાથી તેનો એમના ઉપર પ્રભાવ પડશે. તેથી હું કહું છું કે આપની ઉપર ગમે તેટલું પ્રેશર આવે પણ જો આપની પાસે સારી વાતોનો ખજાનો છે તો ડરો નહીં. આગળ વધો. એમની સાથે સારી વાતોનો ખજાનો વહેચો. જેથી તેમનો આપના ઉપર વિશ્વાસ વધશે. ॥ઓમશાંતિ ॥

(પેજ નં. 25નું અનુસંધાન)... મૌનમ્ પરમ

આ રીતે સ્થૂળ, સૂક્ષ્મ કર્મેન્દ્રિયો સંયમ અને મૌન આપણને સુખનો અનુભવ કરાવે છે. એટલે આ સર્વને ધારણ કરીને મૌનમ્ પરમ સુખની અનુભૂતિ કરવાની છે. ॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 06નું અનુસંધાન).. આપણું ફાઉન્ડેશન

આપણે પણ બાબાના લેજરમાં નામ લખાવ્યું છે. ફોર્મ ભર્યું હવે કહો મેં તો વિચાર્યું જ નહોતું કે ફોર્મ ભર્યું અર્થાત્ ફસાઈ ગયા. વિચારીને ફસાયાને સારા માટે ફસાયા સારા માટે ફસાયાને. બાપના પ્રેમમાં ફસાઈ ગયા. ॥ ઓમશાંતિ ॥

ખુશખુશાલ જીવનનો આધાર - રાજયોગી બનો-પવિત્ર બનો

બ્ર.કુ. ગીતાબેન ગજ્જર, ઉપલેટા

આજે વિશ્વનો દરેક મનુષ્ય કોઈ ને કોઈ સમસ્યા અને દુઃખ-અશાંતિથી પીડાઈ રહેલ છે. ચારે બાજુ જ્યાં જુઓ ત્યાં લડાઈ-ઝગડા, બદલો લેવાની વૃત્તિ, પાપાચાર, દુરાચાર, આતંકવાદ, ગરીબી, બેરોજગારી, ભ્રષ્ટાચાર, મોઘવારી, અકસ્માતો, હાર્ટ એટેક, તણાવ જેવી દર્દનાક સ્થિતિ જોવા મળી રહી છે. જેના લીધે અકાળે મૃત્યુનું પ્રમાણ ખૂબ જ વધી ગયેલ છે. વિશ્વના બધા મનુષ્યો ચિંતાઓથી ભયભીત થયેલ છે. જીવન અસ્તવ્યસ્ત બની ગયેલ છે અને પરિસ્થિતિ દિન-પ્રતિદિન વધુ ને વધુ બગડતી જાય છે.

આમ આ બધી સમસ્યાઓના મૂળમાં મનુષ્યમાં રહેલ પાંચ વિકારો જેમ કે કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર, મહદઅંશે જવાબદાર છે. ભગવતગીતામાં પણ કહેલ છે કે કામ અને ક્રોધ એ નર્કના દ્વાર છે.

આજનો મનુષ્ય પોતાનું ધાર્યુ ન થાય તો બીજી વ્યક્તિ પર રોષે ભરાય છે. ગુસ્સો કરીને અન્ય વ્યક્તિઓને અપમાનિત કરે છે. આજે મનુષ્ય ઇચ્છાઓનો ગુલામ બની ગયેલ છે જેના કારણે લોભ-લાલચમાં ફસાઈને જુગાર, લોટરી, વ્યસન, ફેશનમાં ફસાઈને નાણાની બરબાદી કરી જીવનને મૂલ્યવિહિન બનાવી રહેલ છે.

સ્વાર્થયુક્ત વૃત્તિ, વધુ પડતો ધન-દોલતનો મોહ, પોતાના હિત માટે બીજાને નુકશાન પહોચાડવું તથા દરેક વસ્તુની આસક્તિ એ પણ આજના મનુષ્યને દુઃખી કરી દીધેલ છે.

આમ, ઉપરોક્ત સર્વે વિકારોના મૂળમાં દેહ અભિમાન મુખ્ય છે. જે મનુષ્યને સ્વમાનથી દૂર કરી અપમાનનો અનુભવ કરાવે છે. દેહ અભિમાનને કારણે આજે દુનિયામાં વાદ-વિવાદ, જાતિવાદ, હિંસાવાદ, ભેદભાવ જેવા દૂષણો દિન પ્રતિદિન વધતા જાય છે.

આ સર્વે સમસ્યાઓમાંથી મુક્ત બની ખુશખુશાલ જીવન જીવવા માટે રાજયોગ એક ઉત્તમ ઉપાય છે. વિશ્વના બધા મનુષ્યો સુખ-ચેન અને આનંદથી જીવન જીવી શકે તે માટે રાજયોગ શું છે? તેના દ્વારા કેવી પ્રાપ્તિ થાય છે તેની ટૂંકમાં ચર્ચા અત્રે કરેલ છે.

- રાજયોગ એટલે આત્માનું પરમાત્મા સાથેનું મિલન
- રાજયોગ દ્વારા રોજબરોજના જીવનમાં જરૂરી એવી આઠ શક્તિઓની પ્રાપ્તિ થાય છે. જેમાં મુખ્યત્વે નિર્ણયશક્તિ, સહનશક્તિ, પરખશક્તિ, સામનો કરવાની શક્તિ, વિસ્તારને સમેટવાની શક્તિ તથા સહયોગ શક્તિ મુખ્ય છે.

રાજયોગી જીવન અપનાવવા માટે સૌથી પ્રથમ પોતાનામાં અને પરમાત્મામાં નિશ્ચય ખૂબ જ જરૂરી છે. પોતાને નિરાકાર બિંદુસ્વરૂપ આત્મા સમજીને જ્યોતિબિંદુ સ્વરૂપ શિવ પરમાત્માને યાદ કરવા એ જ રાજયોગી જીવનનો મુખ્ય આધાર છે.

રાજયોગી જીવન એટલે વિષય-વિકારોથી મુક્ત જીવન. જ્યાં સુધી મનુષ્ય પાંચ વિકારોવાળું ભોગીજીવન છોડી - વિકારોથી મુક્ત એવું યોગી જીવન અપનાવતો નથી ત્યાં સુધી તેને સાચા ઈશ્વરીય સુખનો આનંદ મળતો નથી.

જે મનુષ્ય પોતાનું તન, મન, ધન, સમય, સંકલ્પ, શ્વાસ પરમાત્મ કાર્યમાં સમર્પિત કરે છે તેને વાસ્તવમાં ખુશખુશાલ જીવનનો અનુભવ સદાને

(અનુસંધાન પેજ નં. 21 પર)

વિદ્યા વિનયથી શોભે છે

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુ રોડ

એક જગ્યાએ પાણીથી ભરેલો એક કળશ રહેતો. કળશનું મોઢું વાટકાના ઢાંકણથી ઢંકાયેલું રહેતું. કળશ ખૂબ જ પરોપકારી સ્વભાવનો હતો. ગ્લાસ, લોટા વગેરે જેવા ખાલી વાસણો કળશ પાસે આવતા અને પાણી પીવા માથું ઝુકાવતા, તેમના આ વિનમ્ર વ્યવહારથી ખુશ થઈ કળશ પણ નમ્રતાથી ઝૂકી જતો અને પાણી ભરી આપતો. ખુશીથી બધા વાસણો પાછા ફરતા. બધાં પાત્રોને પ્રસન્નતાથી જતા જોઈને કટોરીને ઈર્ષ્યા થતી અને કળશ પર ક્રોધ આવતો. એક દિવસ કટોરીએ કળશને ફરિયાદ કરી કે, 'હું ઘણા સમયથી જોઈ રહી છું કે જે પણ વાસણ તમારી પાસે આવે છે, તેને તમે પાણીથી ભરી દો છો, હું પણ તો તમારી સાથે જ રહું છું, પણ તમે મને એક ટીપું પણ પાણી નથી પીવડાવ્યું, તમે આવો ભેદભાવ કેમ કરો છો?' કળશે કહ્યું, 'હે કટોરી, તમને કોઈ ગેરસમજ થઈ છે, હું ભેદભાવ નથી રાખતો, જે પાત્ર મારી સમક્ષ નમ્રતાથી ઝૂકે છે તેની નમ્રતાની કદર કરી, હું પોતે જ નમીને જલદાન કરું છું. પરંતુ તું તો હંમેશા મારા માથા પર ચઢેલી રહે છે, મારી સમક્ષ થોડા વિનમ્ર ભાવથી ઝૂકીને તો જો, પછી જો જે હું તને કેવા શીતળ જળથી ભરી દઉં છું. તું નમ્રતાથી ઝૂકતા શીખીશ તો ખાલી નહીં રહે.' કળશનો આ જવાબ સાંભળીને કટોરીનો ઘમંડ તૂટી ગયો, કારણ કે તે નમ્રતાનું મહત્વ જાણી ચૂકી હતી.

સંસારમાં કંઈક પ્રાપ્ત કરવું હોય તો કોઈના માથા પર ચઢવાથી કંઈ નથી મળતું, મેળવવા માટે નમવું પણ પડે છે. પોતાનાં અહમનો ત્યાગ કરી જ્યાં સુધી વ્યક્તિ નમ્ર નથી બનતો ત્યાં સુધી ખાલી હાથે જ રહે છે. સાચું કહું તો નમ્રતાથી દુનિયાને જીતવી ખૂબ જ સરળ છે. પરંતુ પોતાની તેવડ ન હોવા છતાં ઘમંડી બની લોકોને અક્કડ બતાવીને કંઈક પ્રાપ્ત કરવું સંપૂર્ણપણે અશક્ય છે. કહેવાય છે કે, 'ઊંચા હોય તો શું કામનું, જાણે ખજુરનું ઝાડ, પક્ષીઓને છાંયડો નહીં, ફળ આવે બહુ દૂર!' અર્થાત્ જો કોઈ વ્યક્તિ આકાશને સ્પર્શતા ખજૂરના ઝાડ જેટલી ઊંચાઈ પ્રાપ્ત કર્યા પછી પણ વ્યક્તિ બીજાને સ્નેહની છાયા નથી આપતી તો મોટાપણું શું કામનું? વ્યક્તિ ઉચ્ચ પદ પર હોવા છતાં ખજૂરના ઝાડની જેમ ઘમંડી બની સુખને બદલે દુઃખ જ આપે, તો તેમાં કઈ મહાનતા? ઉચ્ચ હોદ્દાની આડમાં બીજાને ત્રાસ આપવામાં ન તો પોતાને ફાયદો છે કે ન તો અન્યની ભલાઈ! તે તો નમેલા વૃક્ષની જેમ વિનમ્રતાથી સ્નેહ સહયોગ આપવામાં છે. પથ્થરનો ઘા સહન કર્યા પછી પણ ફળ આપનાર વૃક્ષની જેમ, પરોપકારરૂપી રસાળ ફળો ચખાડવામાં જ માણસની ગરિમા અને ગૌરવ રહેલું છે. વિશ્વ વિજયી બનવું હોય કે સન્માન મેળવવું હોય તો હૃદયને આકાશ જેટલું વિશાળ બનાવવું પડશે. આપણે દરેકના અસ્તિત્વનો સ્વીકાર કરી, તેમના કાર્ય અને જવાબદારીઓને સલામ કરવી જ પડશે. કલાકારની કલાનું સન્માન કરવું જ પડશે અને તે ફક્ત નમ્રતાથી જ શક્ય છે.

તો ચાલો નમ્રતાનો મર્મ સમજીએ. નમ્રતા અર્થાત ગુણવાનનાં ગુણોને દિલથી સ્વીકાર કરવા અને તેમને સન્માન આપવું. કલાની કદર કરીને કલાકારને માન આપવું. કોઈનાં સારાપણાંને મનમાં જ માન આપી તેને ઉંચી નજરથી જોવું. અહંકારનો ત્યાગ કરી સહજતાથી નમવું એ પણ નમ્રતા જ છે. પોતાના વખાણ કરવાને બદલે,

પોતાની ખૂબીઓને પોતે જ ગુપ્ત રાખવી, પોતાના પદ-પ્રતિષ્ઠાનું અભિમાન રાખ્યા વગર પોતાનાથી નીચા માણસોને ઉપર લાવવા, પોતાની ઉચ્ચ પદવી કે સિદ્ધિનો સ્વીકાર ન કરી તેને ઈશ્વરનાં આશીર્વાદ માનવા, કીર્તિનો શ્રેય પોતે ન લેતા તેને માતા-પિતા, ગુરુજનોનાં આશીર્વાદ માનવા, આવી કેટલીયે છટાઓ છે નમ્રતાની! નમ્રતા તો એવો એક વિશેષ ગુણ છે જે મનને મહાનતા, બુદ્ધિને દિવ્યતા અને હૃદયને ઉદારતાથી ભરપૂર કરી દે છે. સાચું કહું તો, નિરહંકારીતા જ નમ્રતાની જનની છે, ઉદારતા નમ્રતાની જનક છે.

વિનમ્ર વાણી મહાપુરુષોની યાદ અપાવે છે, આ સંદેશ આપતી આ એક બોધ વાર્તા છે. એકવાર એક રાજા તેના મંત્રી અને સેવક સાથે વન ભ્રમણ કરવા નીકળ્યા. પરંતુ રસ્તો ભૂલવાથી ખોવાઈ ગયા અને એકબીજાને શોધવા લાગ્યા. રસ્તામાં એક અંધ સાધુ તપસ્યા કરી રહ્યા હતા. સૌ પ્રથમ સેવક સાધુ પાસે આવ્યો અને કહ્યું, ‘હે આંધળા, કોઈ અહીં આવ્યું હતુ?’ ઋષિએ માથું હલાવ્યું અને ના કહ્યું. સેવક ગયો અને મંત્રીએ આવીને સાધુને કહ્યું, ‘સૂરદાસ બાબા, અહીં કોઈ આવ્યું હતુ?’ સાધુએ કહ્યું, ‘જી હા, તમારો સેવક અહીંથી ગયો.’ પછી રાજા પણ આવ્યો. રાજાએ નમ્રતાપૂર્વક પૂછ્યું, ‘હે દિવ્યચક્ષુવાન મહાત્મા નમસ્કાર! અહીં કોઈ આવ્યું હતું?’ ત્યારે ઋષિએ કહ્યું, ‘તમારા સેવક અને મંત્રી અહીંથી હમણાં જ ગયા છે.’ એટલામાં સેવકો અને મંત્રીઓ રાજાને શોધતા ત્યાં આવ્યા. ત્યારે રાજાએ ઋષિને પૂછ્યું, ‘આપને દૃષ્ટિ ન હોવા છતાં નોકર, મંત્રી અને રાજાને કેવી રીતે ઓળખ્યા?’ સાધુએ કહ્યું, ‘તમારા ત્રણેયના શબ્દો પરથી, ‘એ આંધળા’-આ શબ્દ સેવક જ બોલી શકે છે. મંત્રી જ્ઞાની છે, જેના કારણે મંત્રીએ સૂરદાસ કહ્યું. પરંતુ નમ્રતાપૂર્વક ‘દિવ્યચક્ષુવાન મહાત્મા’ આ સંબોધનથી નમસ્કાર કરનાર કોઈ રાજા જ હોઈ શકે છે.’

હિન્દીમાં એક કહેવત છે કે, ‘ઝૂકે છે એ જેનામાં જીવ છે, જડતા તો મડદાની નિશાની છે!’ અર્થાત જેનામાં જીંદાદિલી છે એ જ વિનમ્ર બની ઝૂકે છે, પરંતુ અહંકારી પુરુષ મરેલા મડદાની જેમ જડતાથી ચાલે છે. જેમ ફળોથી લાદેલું વૃક્ષ જાતે નમી જાય છે, તેવી જ રીતે જે સંત સજ્જન સદ્ગુણરૂપી ફળોથી ભરપૂર હોય છે એ સહજતાથી નમ્ર બની સેવાનાં મેવા ચખાડે છે. સર્વગુણ સંપન્ન માનવ નમ્રચિત્ત વર્તનથી દરેકને સુખરૂપી છાયા આપે છે, નમ્રતાના શણગારથી મહાન સાબિત થાય છે. નમ્રચિત્ત વ્યક્તિ સદ્-ગુણોની સુગંધથી વાતાવરણને સુગંધિત બનાવે છે. નમ્રતા વ્યક્તિને પરોપકારી બનાવે છે, તેને માનવતાના પૂજારી અથવા જનતાના સેવક તરીકે રજૂ કરે છે. જેમ વિશાળ વટવૃક્ષ પર પક્ષીઓ માળો બનાવે છે અને વટવૃક્ષ સૌનું આશ્રયસ્થાન બની જાય છે, તેવી જ રીતે નમ્રતાસભર વ્યક્તિ અનાથ, લાચાર, નિર્બળ અને દુબળા લોકો માટે આશાનું સ્થાન બની જાય છે.

ધર્મ-અધર્મના યુદ્ધમાં નમ્રતાના અવતાર શ્રી રામનો વિજય થયો, પરંતુ અહંકારને કારણે રાવણ માર્યો ગયો. શ્રી રામજીએ લક્ષ્મણને મૃત્યુશૈયા પર પડેલા રાવણની સલાહ લેવા મોકલ્યા. ત્યારે રાવણે લક્ષ્મણને કોઈ સલાહ આપ્યા વિના પાછા મોકલી દીધા. શ્રી રામે પૂછ્યું, ‘લક્ષ્મણ, તમે ક્યાં ઊભા હતા?’ લક્ષ્મણે કહ્યું, ‘માથા પાસે!’ ત્યારે શ્રી રામજીએ લક્ષ્મણને સમજાવ્યું, ‘રાવણ ભલે અહંકારી છે, પરંતુ છે તો એક વિદ્વાન, એટલા માટે તેના પગ પાસે ઊભા રહી, તેને પ્રણામ કરી, તેની પ્રશંસા કરો. તમારી નમ્રતા આગળ તે નતમસ્તક થઈ તમને ચોક્કસ

સલાહ આપશે.' લક્ષ્મણે શ્રી રામની આજ્ઞા પ્રમાણે નમ્રતાપૂર્વક મહિમા કરી લંકેશનું હૃદય જીતી લીધું. ત્યારે રાવણે અનુભવયુક્ત ત્રણ સંદેશ આપ્યા - (૧) શત્રુને ક્યારેય કમજોર ન સમજવો જોઈએ, (૨) વડીલો અને શુભચિંતકોનો અભિપ્રાય સાંભળવો જોઈએ અને (૩) મનમાં કોઈ પણ શુભ સંકલ્પ (સદવિચાર) આવે તો તેનો તરત જ અમલ કરવો જોઈએ. મેં રામને માનવ સમજ્યા, સંબંધીઓ-શુભચિંતકોના અભિપ્રાયો સાંભળ્યા નહીં, સીતાને પરત મોકલવાનો મનમાં સંકલ્પ આવતો હોવા છતાં ટાળતો રહ્યો. આ ત્રણ ભૂલોને કારણે હું હારી ગયો. જો ખરેખર વિનમ્ર બની કઠોર વ્યક્તિની મહિમા કરવામાં આવે તો પથ્થરદિલ વ્યક્તિ પણ પીગળી જાય છે.

નમ્રતા અહમ (અહંકાર) અને વહેમ (શંકા) એ બંને દુષ્ટવૃત્તિઓનો સરળતાથી નાશ કરે છે, ધીર ગંભીર બનાવી વ્યક્તિમાં પરિપક્વતા લાવે છે. નમ્ર વ્યક્તિ જ જીવન જીવવાની કળા જાણે છે! તે જ વ્યક્તિ સમજદાર, બુદ્ધિશાળી કહેવાશે જે વિનયી બની વિકૃત લોકો અને પ્રતિકૂળ સંજોગોને હરાવી દે, સાચું કહું તો જીવનની લડાઈમાં આવી સૌથી તેજસ્વી વ્યક્તિ જ સફળ થાય છે. તે બીજાના આદર-સત્કારને પાત્ર બને છે. નમ્રતા રૂપી મહામૂલ્ય એ આદર્શ માનવીનું આભૂષણ, સભ્ય સમાજનો આકર્ષક શણગાર અને દૈવી સંસ્કૃતિનો અલંકાર પણ છે. નમ્રચિત્ત વ્યક્તિ બાળકની જેમ લવચીક હોય છે, નિર્દોષ બાળકની જેમ નિષ્પાપ હોવાને કારણે તે સર્વ પ્રિય બની બધાનાં પ્રેમપાત્ર બની જાય છે. આ દિવ્યગુણમાં ક્રૂર-કઠોર વ્યક્તિનું મન પરિવર્તન કરી વેરી-વિરોધીઓને સહયોગી બનાવવાની જાદુઈ શક્તિ રહેલી છે. દાદી પ્રકાશમણિજી પોતાના નમ્રચિત્ત વર્તનથી સૌના દિલ જીતી લેતા હતા.

રાજા જીતસિંહ વિદ્વાન હોવા છતાં નમ્રતાના સ્વામી હતા. તેમનો એકમાત્ર પુત્ર હતો સુધર્મ સિંહ. 'સુધર્મસિંહ ધાર્મિક રાજા બને' - આ ઉદ્દેશ્યથી રાજાએ તેમને જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ગુરુ પાસે મોકલ્યા. રાજપુત્ર વિવિધ વિદ્યાઓ પ્રાપ્ત કરીને પાછો ફર્યો. પણ તેને એવો ભ્રમ હતો કે તે તેના પિતા કરતા પણ મોટો વિદ્વાન બની ગયો છે. આ વાતની તેના પિતાને તેના વર્તન પરથી ખબર પડી ગઈ હતી. રાજાએ તેને પૂછ્યું, 'તે ગુરુ પાસેથી કઈ કઈ વિદ્યા શીખી છે?' ત્યારે પુત્રએ કહ્યું, 'પિતાજી, હું વ્યાકરણ, વેદ-ઉપનિષદ, રાજનીતિ, અર્થશાસ્ત્ર તથા બધા શસ્ત્ર-શાસ્ત્ર વગેરે તમામ વિદ્યાઓ શીખી ચૂક્યો છું. હવે શીખવા જેવું કંઈ જ રહ્યું નથી.' રાજાએ કહ્યું, 'પુત્ર, જે વિદ્યાને પ્રાપ્ત કર્યા પછી બીજું કંઈ જ શીખવાની જરૂર નથી, તે જ તેં પ્રાપ્ત નથી કરી.' આ સાંભળીને પુત્ર આશ્ચર્ય સાથે બોલ્યો, 'પિતાજી, એવી કઈ વિદ્યા છે?' રાજાએ કહ્યું, 'એ વિદ્યા ગુરુ પાસે છે.' પછી રાજાના પુત્રએ રાજાની વાત ગુરુને સંભળાવી. ગુરુએ રાજકુમારને સમજાવતા કહ્યું, 'એ વિદ્યા છે વિનમ્રતા અને તે તો તારા પિતા પાસે જ છે.' વિનમ્રતાનો મર્મ જાણતાની સાથે જ રાજકુમારનું વર્તન બદલાઈ ગયું.

શું અથાક પરિશ્રમથી વિદ્વાન, જ્ઞાની-ધ્યાની બનવું મુશ્કેલ કહેવાય? પરંતુ પોતાની સિદ્ધિ - પ્રસિદ્ધિનું વારંવાર વર્ણન ન કરી, નિરહંકારી બનવું ઘણું મુશ્કેલ છે! જે વિદ્વાન-બુદ્ધિવાન, રૂપવાન-ગુણવાન, ધનવાન-બળવાન હોવા છતાં પણ દંભ દેખાડો કરતો નથી, પોતાની સિદ્ધિઓ, કળા-ગુણો અને વિદ્યા-વિશેષતાને ઈશ્વરની કૃપા માને છે, એવી વિનમ્ર વ્યક્તિ જ

(અનુસંધાન પેજ નં. 30 પર)

જ્ઞાન પરબ

આધ્યાત્મિક રહસ્ય - 3

બ્ર.કુ. જગદીશભાઈ પટેલ, ઈસનપુર

ગતાંકમાં આપણે તપસ્વી મૂર્ત શંકરની પ્રતિમાનું આધ્યાત્મિક રહસ્ય સમજ્યા. શંકરજી અઘોરી પંથના સંન્યાસી છે, તેઓ હંમેશા તપસ્યા કરતા જ જોવા મળે છે. તેઓ તપસ્વીમૂર્ત યોગીનું પ્રતીક છે. દેવોના દેવ મહાદેવે એવા તે કેવા પાપ કર્યા હશે કે, તેને ભસ્મ કરવા માટે હિમાલય જેવા બર્ફીલા પ્રદેશમાં તપસ્યા કરવી પડે? તેમને એવી તે કઈ અપ્રાપ્તિ હશે, જેને પ્રાપ્ત કરવા તેમના ઈષ્ટની આરાધના કરવી પડે. તેમના પુત્ર ગણેશજીના જન્મ વિશે એક રસપ્રદ વાર્તા છે.

એકવાર મહાદેવજી તપસ્યા કરવા ગયા હોય છે, ત્યારે પાર્વતીજીને સ્નાન કરવા બેસવું હોય છે. પરંતુ ઘરમાં કોઈ પ્રવેશ ન કરી જાય તે માટે તેમને દ્વારપાલની જરૂર હોય છે. આથી તેમણે પોતાના શરીરનો મેલ એકઠો કરીને એક પૂતળું બનાવ્યું અને તેમાં પ્રાણ ફૂંકીને એક નાના બાળકને સજીવન કર્યું. જેમને ગણેશજી તરીકે ઓળખવામાં આવે છે. વાસ્તવમાં હિમાલય પર, જ્યાં તેઓ કૈલાશ પર્વત પર બિરાજમાન છે ત્યાં મહેલ કે હવેલી હોતી નથી કે જેમાં દ્વારપાલની જરૂર પડે. થોડા સમય પછી જ્યારે શંકરજી તપસ્યા કરીને પાછા આવે છે, ત્યારે ગણેશ તેમને ઘરમાં પ્રવેશ કરતા અટકાવે છે. આથી શંકરજી અને ગણેશજી વચ્ચે ભયંકર યુદ્ધ થાય છે. શંકરજી ક્રોધિત થઈને ત્રિશૂળથી ગણેશનું માથું ધડથી અલગ કરી દે છે. વર્તમાન કલિયુગના અંતિમ ચરણના, તમોપ્રધાન સમયે પણ, આપણે નાના બાળકને ટપલી મારવી હોય તો પણ વિચાર કરવો પડે. આજે શિક્ષક પણ શાળામાં બાળકને મારી શકતા નથી, વિદેશમાં તો, બાળક રડતું હોય તો પણ કાયદાકીય પગલા લેવામાં આવે છે. તો શું ભગવાનનો ક્રોધ એટલો બધો હોય, કે નાના નિર્દોષ બેસમજ બાળકની પણ, આવી નાની બાબતમાં બાળ હત્યા કરી દે? ભગવાન તો જાની જાનનહાર કહેવાય છે, તેમને તો ખબર જ હોયને કે આ પાર્વતીજીનો પુત્ર છે. થોડીવારમાં પાર્વતીજી સ્નાન કરીને ઘરની બહાર આવ્યા ત્યારે ગણેશને મૃત અવસ્થામાં જોઈને રુદન કરવા લાગે છે. શંકરજી આગળ પોતાના બાળકને સજીવન કરવાની જીદ કરે છે. આથી શંકરજી પાર્વતીજીને આશ્વાસન આપે છે, કે જે કોઈ જાનવર અહીંથી, પહેલું પસાર થશે, તેનું માથું કાપીને ગણેશજીના માથા પર લગાવીને ગણેશને સજીવન કરી દઈશ. થોડી- વારમાં એક હાથી ત્યાંથી પસાર થાય છે, તેનું માથું કાપીને ગણેશજીના ધડ પર લગાડવામાં આવે છે. ગણેશજી સજીવન થાય છે. ગણેશજીને મહાદેવ વરદાન આપે છે કે આજથી સૌથી પહેલી પૂજા તમારી થશે, ત્યારબાદ જ અન્ય દેવતાઓની પૂજા થશે.

અહીં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી જોતા એ સવાલ થાય કે શું એ જ માથું ફરીથી ગણેશજીના ધડ ઉપર લગાવી ના શકાય કે, એક હાથીની હત્યા કરવી પડે? નાના બાળકના ગળાનો વ્યાસ અડધા ફૂટ કરતા પણ ઓછો હોય છે, જ્યારે હાથીના ગળાનો વ્યાસ બે ફૂટ જેટલો હોય છે, તો શું તે નાના બાળકના માથા પર હાથીનું માથું ફીટ બેસી શકે? આજે કોઈ બીમાર વ્યક્તિને લોહી આપવું હોય તો પણ, તેનું લોહી કયા ગ્રુપનું છે તે

ચેક કરવામાં આવે છે. તો શું એક જાનવરનું લોહી માણસ સાથે મળી શકે? હિમાલય જેવા ઠંડા પ્રદેશમાં પણ, શું પાર્વતીજીના શરીર પર એટલો બધો મેલ ચડી ગયો હશે કે એક બાળકનું પૂતળું બની શકે? જો પાર્વતીજી પૂતળામાં પ્રાણ ફુંકી શકતા હોય તો ગણેશને પણ ફરીથી સજીવન કરી શકે ને? આધુનિક નવી શિક્ષિત પેઢીને આવા સવાલના જવાબ મળતા ના હોવાથી ધર્મથી વિમુખ થતા જાય છે. સ્વયં ભગવાન શિવે પોતાના બાળક ગણેશ વિશે જે આધ્યાત્મિક રહસ્ય સમજાવ્યું છે તે અહીં પ્રસ્તુત કરું છું .

ગણેશ પહેલા તેમના પિતા શિવને ઓળખતા નથી, પરંતુ તેમનો પરિચય મળ્યા પછી તેઓ તેમના પિતાના લાડલા બની જાય છે. જેમણે પણ નિરાકાર શિવને ઓળખીને પોતાના પિતા માન્યા, તે સર્વે શિવના પુત્ર ગણેશ જ છે. કહેવાય છે કે હરિનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ જોને, આધ્યાત્મિક માર્ગમાં ડગલેને પગલે અનેક પ્રકારના વિઘ્નો આવ્યા જ કરે છે. જે પુરુષાર્થી આવા વિઘ્નોને પાર કરીને આધ્યાત્મિક સિદ્ધિઓના શિખર સર કરે છે તે સર્વે વિઘ્ન વિનાશક સિદ્ધિવિનાયક મંગલમૂર્તિ ગણેશ જ છે. દરેક શિવાલયના પ્રવેશદ્વારની જમણી બાજુ ગણેશજીની મૂર્તિ આવેલી હોય છે. ગણેશજી અને હનુમાનજી દ્વારપાલ છે. તેમને મળ્યા વગર શિવજીને મળી શકાતું નથી. ગણેશજીના ફોટાની પાસે કે પાછળ રિદ્ધિ સિદ્ધિ એટલે કે સરસ્વતી અને લક્ષ્મી ઉભેલા હોય છે. લક્ષ્મીજી તો નારાયણના પત્ની છે, તો ગણેશની પાસે કેમ હોય છે? જેમ સરસ્વતી જ્ઞાનની અધિદેવી છે તેમ ગણેશ પણ જ્ઞાનના અધિદેવતા છે. જેમની પાસે જ્ઞાન હોય તેમને લક્ષ્મીની પાછળ ભટકવું પડતુ નથી, પરંતુ લક્ષ્મી પોતે જ તેમની પાસે સામેથી આવે છે. સમાજમાં બુદ્ધિજીવી વર્ગને, ડોક્ટર, વકીલ, સીએ વગેરેને ગ્રાહક શોધવા જવું પડતું નથી પરંતુ ગ્રાહકો સામેથી તેમને શોધતા આવે છે. ગણેશને અતિ બુદ્ધિશાળી માનવામાં આવે છે. તેમનું વિશાળ માથું વિશાળ બુદ્ધિનું પ્રતીક છે. હાથી મનુષ્ય પછી વિશ્વનું બીજા નંબરનું બુદ્ધિશાળી પ્રાણી ગણાય છે. એકવાર શંકરજી પોતાના બંને બાળકો કાર્તિક અને ગણેશની બુદ્ધિની પરીક્ષા લેવાનું નક્કી કરે છે. તેઓ બંનેને સંસારની પરિક્રમા કરી આવવાનો આદેશ આપે છે. કાર્તિક પોતાનું વાહન મયુરને લઈને પૃથ્વીની પરિક્રમા કરવા નીકળી પડે છે, જ્યારે ગણેશજી તેમના માતા-પિતાને જ બેસાડીને તેમની આજુબાજુ પરિક્રમા કરી લે છે અને કહે છે કે મારો સંસાર તો મારા માતા-પિતા જ છે. આમ તેઓ બુદ્ધિની પરીક્ષામાં પાસ થઈ જાય છે. આથી તેમને બુદ્ધિશાળી માનવામાં આવે છે.

હાથીને વિલક્ષણ બુદ્ધિ હોય છે. તેને ચાર કિલોમીટર દૂર પાણી હોય તો પણ ખબર પડી જાય છે. તેની દ્રષ્ટિ એટલી સૂક્ષ્મ અવલોકન કરતી હોય છે કે ધૂળની અંદર સોય હોય તો પણ તે શોધી કાઢી શકે છે. ભગવાને આ એક જ પ્રાણીને ચાર પગ સિવાય એક અંગ સૂંઢ અલગથી આપેલી છે, જેનો ઉપયોગ તે ખાવા માટે હાથ તરીકે કરે છે. આથી તેને હાથી કહેવામાં આવે છે.

ગણેશજીને મોટા કાન અને મોટુ પેટ બતાવવામાં આવે છે અર્થાત્ તેઓ બધાની વાતો સાંભળે છે પરંતુ પોતાના પેટમાં સમાવી લે છે. એકની વાત બીજાને કરતા નથી. જો કોઈ વ્યક્તિ પ્રાપ્તિઓથી સંપન્ન હોય તો તેને કહેવામાં આવે છે કે આના તો બંને હાથમાં લાડુ છે. ગણેશના પણ બંને હાથમાં લાડુ બતાવવામાં આવે છે, કારણ કે પરમાત્માને પ્રાપ્ત કર્યા પછી તેઓ સર્વ પ્રાપ્તિઓથી

સંપન્ન બની જાય છે. તેમના એક હાથમાં ફરસી હોય છે, જે તેમના લૌકિક બંધનોની રસ્સી કાપવા માટેનું સાધન બતાવેલુ છે. તેઓ સંપૂર્ણ બન્યા નથી પરંતુ પુરુષાર્થી સ્ટેજ હોવાથી તેમને એક જ વસ્ત્ર ધારણ કરેલું બતાવે છે.

તેમને ગણપતિ બાપા કહેવામાં આવે છે કારણ કે તેઓ સર્વના પૂર્વજ છે. ગણેશજીને સૃષ્ટિના આદિ-મધ્ય-અંતનું સંપૂર્ણ જ્ઞાન હોવાથી તેમની પાસે સૃષ્ટિચક્રના પ્રતીક રૂપે સ્વસ્તિક દોરવામાં આવે છે. આ સૃષ્ટિચક્ર ઉપર એક ગાગર મૂકવામાં આવે છે જે બતાવે છે કે પરમાત્મા જ્ઞાન નો સાગર છે, તેમના સંપૂર્ણ જ્ઞાનને ગણેશ પોતાની બુદ્ધિરૂપી ગાગરમાં સમાવી લે છે. આ ગાગરમાં કેળના પાન મૂકવામાં આવે છે. કેળના પાનની વિશેષતા એ હોય છે કે તેનુ એક પડ ખોલો તો બીજું અને બીજામાંથી ત્રીજું એમ અનેક પડ નીકળતા હોય છે. કબીરજી કહે છે કે જૈસે કેલે કે પાત પાત મે પાત વેસે જ્ઞાની કી બાત બાત મેં બાત. ગણેશજી જ્ઞાનીનું પ્રતીક છે જ્ઞાની પાસે વાત કરવા બેસો તો એકમાંથી બીજી અને બીજીમાંથી ત્રીજી, એમ અનેક વાતો નીકળતી રહે છે છે. તેનો અંત આવતો નથી.

ગણેશજીનું વાહન ઉંદર છે જે અવિવેકીનું પ્રતીક છે. ઉંદર ગમે એટલી સુંદર કિંમતી વસ્તુ હોય તેને કાપી કાપીને નકામી બનાવી દે છે. તેવી જ રીતે અવિવેકી માણસ પણ જ્ઞાનીની વાતને વચ્ચે-વચ્ચે પ્રશ્નો પૂછીને કાપી નાખતો હોય છે. આમ ઉંદર ઉપર બિરાજમાન ગણેશ એ અવિવેક ઉપર વિવેકના વિજયનું પ્રતીક છે. વાસ્તવમાં એટલા નાના ઉંદર ઉપર આવડા મોટા ગણેશ કેવી રીતે બેસી શકે. આટલા વજનથી તો ઉંદર ચાલી પણ ન શકે. ગણેશજી આગળ સ્વસ્તિક પાસે કાગળ અને કલમ મૂકેલા હોય છે. ગણેશજીને લેખન હારો લહિયો કહેવામાં આવે છે. વેદ વ્યાસજી મહાભારત લખવા માટે ગણેશને બેસાડે છે. સ્વસ્તિક પાસે શુભ અને લાભ લખવામાં આવે છે. ભગવાનના પરિચય પછી સર્વે શુભ અને શુભ જ થાય છે તેમજ દરેક કામમાં લાભ જ થાય છે. ગણેશજી પ્રથમ પૂજ્ય દેવતા છે તેમના અનેક નામ છે, જેવા કે વિઘ્ન વિનાશક, સિદ્ધિવિનાયક, મંગલમૂર્તિ, દુઃખ હર્તા સુખ કર્તા, ગજાનંદ, ગણપતિ વગેરે તેમના કર્તવ્ય વાચક નામ છે.

(વધુ આવતાં અંકે)

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 15નું અનુસંધાન)... **ખુશખુશાલ**

માટે થાય છે. આમ રાજયોગી જીવન જીવવા માટે મુખ્યત્વે જરૂરી બાબતોમાં પાંચ વિકારો (કામ, ક્રોધ, લોભ, મોહ, દેહ અભિમાન) થી દૂર રહેવું, શુદ્ધ ભોજન કે જે પરમાત્માની યાદમાં બનેલ હોય તેનો સ્વીકાર કરવો તથા પવિત્ર જીવન શૈલી અપનાવવી તે મુખ્ય છે.

જન્મોજન્મના દેહના સંબધોથી મનુષ્યનું દેહ અભિમાન ખૂબ જ પાકું થઈ ગયેલ છે. પરમાત્માની સ્મૃતિ ગાયબ થઈ ગઈ છે. જેથી હવે ખરેખર ઈશ્વરીય સ્મૃતિની આવશ્યકતા છે. ગૃહસ્થ વ્યવહારમાં રહી પ્રવૃત્તિશીલ રહી ફક્ત કર્મ કરતા કરતા ‘હું આત્મા છું, શિવપિતા પરમાત્માનું સંતાન છું.’ - આ સ્મૃતિને સદા યાદ રાખી કર્મ કરવાનું છે. કર્મયોગી બનવાનું છે. તો સાચે જ હંમેશ માટે જીવન ખુશખુશાલ બની જશે. તો રાજયોગ શીખવા માટે આપની નજીકના કોઈપણ બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્રનો સંપર્ક કરી પોતાના જીવનને ખુશખુશાલ - કમલ ફૂલ સમાન પવિત્ર બનવાનું આપને આહવાન છે.

અભી નહીં તો કભી નહીં. **॥ઓમશાંતિ॥**

માનસિક સ્વાસ્થ્ય

બ્ર.કુ. નીતાબેન, પાટણ

10 ઓક્ટોબર, વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સ્વાસ્થ્યની આપણા જીવન ઉપર સીધી અસર પડે છે. ઘેરો પ્રભાવ પડે છે. સ્વાસ્થ્ય છે તો જીવન છે. સ્વાસ્થ્ય માટે આપણે ગમે તેવી પરહેજ પણ રાખીને સ્વાસ્થ્યની સંભાળ કરીએ છીએ.

સ્વાસ્થ્ય ચાર પ્રકારના છે

1. Physical Health - શારીરિક સ્વાસ્થ્ય
2. Mental Health - માનસિક સ્વાસ્થ્ય
3. Social Health - સામાજિક સ્વાસ્થ્ય
૪. Spiritual Health - આધ્યાત્મિક સ્વાસ્થ્ય

આપણે આજે માનસિક સ્વાસ્થ્ય વિશે ચર્ચા કરીશું આજકાલ ચિકિત્સા વિજ્ઞાનમાં જે જે શોધો થઈ છે તે મગજ સુધીની શોધો થઈ છે. મગજના વિષયમાં પણ પુરું જ્ઞાન પ્રાપ્ત કરી શક્યા નથી. આપણે 20 ટકા જ જાણી શક્યા છીએ. મગજ એક કંટ્રોલ રૂમ છે પણ એમાં બેસીને કંટ્રોલ કરનાર આત્મા એક ચૈતન્ય શક્તિ છે. આત્માની શક્તિ મન છે જેને thought પાવર / વિચાર શક્તિ પણ કહેવામાં આવે છે. સૌ પ્રથમ આપણે વિચાર કરીએ છીએ પછી જ કર્મ કરવામાં આવે છે. મનનો શરીર સાથે ખૂબ ગહેરો સંબંધ છે. જેવા મનમાં વિચારો આવે એવી શરીર ઉપર અસર પડે છે.

મનમાં ચાર પ્રકારના વિચાર આવે છે

1. Positive thought - શ્રેષ્ઠ વિચાર
2. Negative Thought - નકારાત્મક વિચાર
3. Waste Thought - વ્યર્થ વિચાર
4. Routine Thought - રોજિંદા વિચાર

વર્તમાન સમયે મનમાં નકારાત્મક અને ખરાબ વિચારોની માત્રા વધુ જોવા મળે છે. માટે દિવસે-દિવસે મન કમજોર બનતું જાય છે.

મનમાં એક મિનિટમાં 25 થી 30 વિચાર આવે છે. એક દિવસના ૩૦ થી ૪૦ હજાર વિચાર થાય છે. જેની પાછળ રોજ શક્તિ વપરાય છે પરંતુ રોજ જેટલી શક્તિ વપરાય છે. એટલી શક્તિ આપણે મનને આપી શકતા નથી મન કમજોર બને છે. જેની અસર શરીર પર પડે છે.

મેડિકલ સાયન્સ પણ એ કબૂલે છે કે 80% બીમારીઓ મનના કારણે થાય છે. દિવસે દિવસે લોકો વધુ ને વધુ રોગોના ગુલામ બની જાય છે. એસીડીટી, ડાયાબિટીસ, હૃદય રોગ, અનેક રોગનું મૂળ કારણ પણ મનની અવસ્થા છે. ઘણા લોકો સુખ સુવિધાના અનેક સાધનો હોવા છતાં આરામની ઊંઘ પણ લઈ શકતા નથી. ઊંઘની ગોળીઓ લે છે. જેની દિવસે દિવસે મગજ ઉપર અસર પડે છે. કુદરતી ઊંઘ લઈ શકતા નથી.

વર્તમાન સમય તેજ ગતિથી જઈ રહ્યો છે. તે લોકોએ પણ પોતાના જીવનને મશીન બનાવી દીધું છે. સમયની સાથે ચાલવા તો જાય છે પરંતુ શક્તિ ન હોવાના કારણે તણાવ પેદા થાય છે. દરેક અવસ્થામાં રહેલા માણસ, બાળક હોય કે ઘરડા હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય દરેક કોઈને કોઈ સમસ્યાઓથી ઘેરાયેલા છે. સમસ્યાઓને હલ કરવાની યુક્તિ ન જાણવાના કારણે વધુ ને વધુ સમસ્યાઓ નો શિકાર બની જાય છે.

વર્તમાન સમયે વ્યક્તિ કોઈને કોઈ કારણોથી ચિંતિત છે. કોઈને અસુરક્ષાનો ભય

છે, તો કોઈ નિરાશ હતાશ છે. કોઈને જીવનમાં જે કંઈ મળ્યું છે એમાં સંતુષ્ટ થતા નથી. કોઈને પારિવારિક સમસ્યાઓ, તો કોઈને સામાજિક સમસ્યાઓ છે. જેની અસર માનસિક સ્વાસ્થ્ય પર પડે છે. ક્યારેક તો આ બધી પરિસ્થિતિઓમાં પોતાને કંટ્રોલ નથી કરી શકતો, જેના કારણે ગુસ્સો આવે છે. ગુસ્સાના કારણે હૃદયના ધબકારા વધી જાય છે. જેની શરીર ઉપર આડકતરી અસર થાય છે. તનાવની સીધી અસર મગજ ઉપર પડે છે. મગજ સુધી લોહી ઓછું પહોંચે છે. જેનાથી મગજના કોષો નાશ પામે છે. એનો પ્રભાવ મનની એકાગ્રતાની શક્તિ, મેમરી પાવર અને નિર્ણયશક્તિ ઉપર પડે છે. આ બધી શક્તિઓ ખતમ થતી જાય છે જેનાથી માનસિક સ્વાસ્થ્ય જોખમમાં મુકાય છે.

માનસિક સ્વાસ્થ્ય અર્થાત સેલ્ફ બેલેન્સ. માનસિક એટલે માન + રીગાર્ડ + sik માન અપમાનની બીમારી થી જે દૂર રહે છે, તે માનસિક રીતે સ્વસ્થ છે. મનની તંદુરસ્તી એટલે મનને મજબૂત બનાવો. મનની તંદુરસ્તીથી શક્તિઓ સારા માર્ગ ઉપર વપરાય છે. વિચારોની શ્રેષ્ઠતા, સંપૂર્ણતા, સર્વોપરિતા, શુદ્ધતાનો સીધો પ્રભાવ શરીર ઉપર પડે છે.

વર્તમાન સમયે લોકોના મન કમજોર બની ગયા છે. માનસિક બીમારીઓ વધી છે. મનોરોગીઓની હોસ્પિટલો વધતી જાય છે. તેનું કારણ એક જ છે સંબંધોમાં પ્યાર નથી. એક-બીજાને સાંભળવા કોઈ તૈયાર નથી. માટે ડોક્ટર પાસે લોકો જાય છે. ડોક્ટર એમની વાતો શાંતિથી સાંભળે છે. સલાહ આપે છે. માણસની પાસે બધું જ હોય પરંતુ સંબંધોમાં સહાનુભૂતિ ન હોવાના કારણે. એકબીજાને ન સમજી શકવાના કારણે મન ઉપર ખરાબ અસર પડે છે.

રોજ આવતી નવી નવી પરિસ્થિતિઓ, વિભિન્ન વિચારધારા વાળા લોકોની સાથે કામ કરવામાં માણસ સેટ થઈ શકતો નથી, જેના કારણે મોત આપણું આવી જાય છે. જીવનમાં ભલે હાર મળે કે જીત તેને પચાવતાં શીખવું જોઈએ. હારમાં પણ જીત માનીને આગળ વધવું જોઈએ.

માનસિક સ્વાસ્થ્યનો સરળ અર્થ

M - Mental thought - મનમાં આવતા વિચારોના પ્રવાહને ચેક કરો. ખરાબ વિચારો અટકાવો, શ્રેષ્ઠ સંકલ્પ કરો. શુદ્ધ, પવિત્ર, વિચાર મનને શક્તિશાળી બનાવે છે.

E - Energy of controlling power -મન, વાણી ઉપર નિયંત્રણ કરવાની શક્તિ કેળવવી.

N - Nobility - આપણી પાસે બધું જ હોય પરંતુ ચરિત્ર શ્રેષ્ઠ હોવું જોઈએ. ધન, સ્વાસ્થ્યથી પણ ચરિત્ર મૂલ્યવાન છે. આપણા બોલ, વ્યવહાર, શ્રેષ્ઠ ગુણ, ચરિત્રવાન હોવા જોઈએ.

T - Traits - ક્રોધી સ્વભાવ ન હોવો જોઈએ. જીદમાં પણ મનની ઘણી શક્તિ વેડફાય છે. આપની નેચર મોલ્ડિંગ હોવી જોઈએ. દરેક વ્યક્તિ, પરિસ્થિતિ સાથે adjust થઈ શકીએ.

A - Attitude - આપણો દૃષ્ટિકોણ દરેકના માટે પોઝિટિવ હોવો જોઈએ.

L - Loveful and lawful - વ્યવહારમાં પ્યાર અને સાથે સાથે કડકાઈનું પણ બેલેન્સ હોય તો માનસિક સ્વાસ્થ્ય ઠીક રહે છે. અને સૌથી શ્રેષ્ઠ સરળ ઉપાય છે. એક જ વાક્ય યાદ રાખીએ.

'સબ સૌંપ દો પ્યારે પ્રભુ કો, સબ સરળ હો જાયેગા, ચિંતા સભી મીટ જાયેગી, મન નિર્મલ હો જાએગા.'

આપણી શક્તિ બહારનો ભાર લઈને ફરીએ

(અનુસંધાન પેજ નં. 27 પર)

મૌનમ્ પરમ સુખમ્

બ્ર.કુ. ડૉ. તૃપ્તિ, શાંતિવન, આબુરોડ

મહાત્મા બુધ્ધે કહ્યું છે **'નિર્વાણમાં પરમ સુખ છે. નિર્વાણ અર્થાત્ વાણીથી પરે શાંતિધામ.** જે આપણા સૌ આત્માઓનું અસલી ઘર છે. જ્યારે આપણે આત્માઓ પરમધામમાં પહોંચી જઈશું તો સુખ-દુઃખના અનુભવથી પરે થઈ જઈશું તેથી જો નિર્વાણના પરમ-સુખનો અનુભવ કરવો છે તો આપણે અહીં, આ દુઃખધામમાં રહેતાં એ પરમ-સુખનું રસાસ્વાદન કરવું પડશે. ત્યારે તો આપણે કહી શકીશું કે ખરેખર નિર્વાણમાં સુખ છે.

નિર્વાણ અર્થાત્ વાણીથી પરે જવું. જેને આપણે મૌન કહીએ છીએ. પહેલાં મુખનું મૌન, પછી મનનું મૌન આપણને નિર્વાણમાં સ્થિત થવામાં બહુ મદદ કરે છે. વાણીને રજત (ચાંદી) અને મૌનને સોનું કહેવામાં આવે છે. કારણ કે મૌન એ પરમ સુખ છે, એ તો અનુભવી પણ જાણે છે. આત્માને મૌનથી જ સુખની અનુભૂતિ થાય છે. કારણ કે આત્માનો અનાદિ ગુણ જ છે મૌન. કોઈ માનવ ગમે તેટલો વાતોડિયો હોય પણ તે સતત 24 કલાક બોલી શકતો નથી. એક સમય એવો આવે છે. જ્યારે તે પણ ચૂપ થઈ જશે. જો કોઈ ઈચ્છે તો આજીવન મૌન ધારણ કરી લે, તો તે સંભવ છે. મૌન આપણને શક્તિ પ્રદાન કરે છે અને શક્તિનો સંચય કરે છે એટલે શિવબાબા પણ આપણને કહે છે.'कम बोलो, धीरे बोलो, मीठा बोलो'

કોઈપણ ક્ષેત્રમાં ઉન્નતિ કરવી હોય, તો મૌન રહેવું જરૂરી છે. જેમ એક વિદ્યાર્થી મૌનમાં રહીને ભણે છે. વૈજ્ઞાનિક મૌનમાં રહીને શોધ કરે છે. અધ્યાત્મનાં ગૂઢ રહસ્યો પણ મૌનમાં જ સ્પષ્ટ બની જાય છે. એટલે મૌન જીવનની પરમ આવશ્યક અનુભૂતિ છે.

મૌનની શરૂઆત સદા મુખના મૌનથી થાય છે. મુખનું મૌન રાખવા જેવું સરળ કામ પણ આપણે ન કરી શકીએ તો ચંચળ ઘોડાની જેમ ભાગતા મનને લગામ લગાવવું થોડું મુશ્કેલ છે. મુખના મૌનથી સૂક્ષ્મ કર્મેન્દ્રિયોનું (મન, બુદ્ધિ) મૌન રાખવું સહજ બની જશે.

મુખનું મૌન

મુખનું મૌન અર્થાત્ વાણીનો સંયમ. માત્ર ઘણા જરૂરી, હકારાત્મક, જ્ઞાનયુક્ત, ઘણા થોડા બોલ તે પણ ધીમા અવાજમાં બોલવા, આ છે મુખનું મૌન. પચાસ શબ્દોની વાત પાંચ શબ્દોમાં બોલવી, આ મુખનું મૌન છે. આપણા એક એક બોલમાં બહુ શક્તિ છે. પ્રકૃતિ દ્વારા મળેલ બે કાન અને એક મુખનો ભાવ એ છે કે બોલો થોડું. સાંભળો વધારે. જ્યાં બહુ જરૂર છે ત્યાંજ બોલો. જેનાથી આપણા શબ્દોનું મૂલ્ય વધશે. લોકો આપણી વાતો ધ્યાનથી સાંભળશે, તેને મહત્ત્વ આપશે. મુખના મનની સાથે આપણે અન્ય કર્મેન્દ્રિયોને પણ સંયમથી જાણીશું.

આંખોનો સંયમ

સ્વયંને અને બીજાઓને જ્યોતિર્બિન્દુ આત્મા જોવા અર્થાત્ આંખોનો સંયમ રાખવો, જેનાથી આપણે દેહ અને દેહની દુનિયાને જોવા છતાં જોઈશું નહીં. એમ કહેવાય છે કે જે બાજુ આપણી દૃષ્ટિ જાય છે તે તરફ આપણી શક્તિ પ્રવાહિત થાય છે. કલિયુગમાં સર્વ વ્યક્તિઓ અને પ્રકૃતિની વસ્તુઓમાં પણ નિમ્ન કક્ષાની ઊર્જાનાં પ્રકંપન હોય છે વૈજ્ઞાનિક સિધ્ધાંતના હિસાબથી ઊર્જા ઊંચા સ્તરથી નીચલા સ્તર તરફ પ્રવાહિત થાય છે. મનુષ્ય આત્માઓ ઈશ્વરીય સંતાન હોવાના સંબંધે, પ્રકૃતિના માલિક હોવાના સંબંધે

પ્રકૃતિની તુલનામાં ઊંચા સ્તરનાં પ્રકંપન વેરે છે. તેથી કલિયુગી ચીજો આપણી દૃષ્ટિમાંથી શક્તિ ખેંચી લે છે તેથી આત્મા સ્વયંને ખાલી તથા અસંતુષ્ટ અનુભવે છે. એટલે દેહ અને દેહની દુનિયાથી આંખો જેટલી બંધ રહેશે એટલી આપણી શક્તિ વધશે. શિવબાબા કહે છે પરચિંતન પતનનું મૂળ છે. પરચિંતનથી આંખોનો સંયમ રાખો. જેથી પરચિંતનથી બચી શકીશું.

કાનોનો સંયમ

ઈશ્વરીય જ્ઞાન અને સેવાઓની વાતો સિવાય બીજી કોઈ વાતો સાંભળવી નહીં. અર્થાત્ કાનોનો સંયમ. કામ વગરની સાંભળેલી વાતો મન, બુદ્ધિને ભ્રમિત કરી દેશે. યોગભ્રષ્ટ, કર્મભ્રષ્ટ બનાવી દેશે. એ વાતોનું ચિંતન, જ્ઞાનના મનનચિંતનનું સ્થાન લઈ લેશે. પછી માખણને બદલે કીચ્ચડ બનાવીશું. તેથી એ સારું છે કે કાનનો સંયમ રાખીને જ્ઞાનની જરૂરી વાતો જ સાંભળો. કોઈ વાત કરવા આવે તો સોક્રેટીસ કહેતા કે આ વાત સત્ય છે? શું આ વાત મારા કામની છે? કોઈપણ પ્રશ્નનો ઉત્તર 'ના' હોય તો તે વાત સાંભળવાની ના કહી દેતા હતા.

જીભનો સંયમ

જીવવા માટે ખાઓ, એવું ના બને કે ખાવા માટે જીવો. દિવસભર ચટપટી ખાવાની આદતને વિરામ આપો. જીભને કેટલાક કલાક સુધી આરામ આપો. જેથી આંતરડાં સાફ થશે. સ્વાસ્થ્ય સારું રહેશે. ઉપવાસ એ સૌથી મોટી દવા છે.

હાથોનો સંયમ

આજકાલ હાઈટેક જમાનામાં દિવસભર સોશ્યલ નેટવર્કિંગ સાઈટ પર ચેટિંગ કરતા રહેવું એ સામાન્ય બાબત છે. યોગીઓ એમાં ફસાયેલા રહેતા નથી. કામ વગરની, નિરર્થક વાતો, અહીં તહીં મેસેજ ટાઈપ, કરવાની, મોકલવાની ટેવ બંધ કરો. હાથો પર સંયમ રાખો. હાથોને ઈશ્વરીય સેવામાં લગાવીને પોતાને હાથે કમળ બનાવો.

પગોનો સંયમ

પરમપિતા શિવ પરમાત્મા મળ્યા અર્થાત્ સર્વ કંઈ મળી ગયું. હવે આપણું ભટકવાનું બંધ થઈ ગયું. ઈશ્વરીય સેવા અને જરૂરી કામો સિવાય બહાર ન જાઓ. કામ વગરનું અહીં તહીં ફરવું, સમય, શક્તિ અને પૈસા બરબાદ કરવા. હવે બસ થઈ ગયું. આપણને સાચું ઠેકાણું મળી ગયું. આ છે પગોનો સંયમ. ચાલીએ તો ફરિશ્તાની ચાલ હોય.

મનનું મૌન

જ્યારે આપણે આંખો, કાનો અને મુખનું મૌન રાખીએ છીએ. તો મનનું મૌન રાખવું સરળ બને છે. મનમનાભવ એજ મનનું મૌન છે. મનન ચિંતન પણ મનનું મૌન છે. વ્યર્થ વિચારોથી મુક્ત મન, ઈશ્વરીય સેવાઓના શુભ સંકલ્પોથી ભરપૂર મન, વિકલ્પોથી મુક્ત મન અર્થાત્ મૌની મન.

બુધ્ધિનું મૌન

બુધ્ધિનું એક પરમાત્મા પર એકાગ્ર થવું એજ બુધ્ધિનું મૌન છે. સાચું ઠેકાણું મળી જતાં બુધ્ધિનું ભટકવાનું બંધ થઈ ગયું. સ્વચ્છ બુધ્ધિ અર્થાત્ એક નિરાકાર શિવબાબામાં એકાગ્ર.

સંસ્કારોનું મૌન

મધ્યના સંસ્કાર, રાવણના સંસ્કાર, દુઃખદાયી સંસ્કાર, દેહજનિત સંસ્કાર, સુખદાયી સંસ્કાર. આ સર્વ આત્માના આદિ, અનાદિ, નિજી સંસ્કાર નથી. એટલે તેનો ઉપયોગ ના કરવો અર્થાત્ સંસ્કારોનું મૌન રાખવું. આ સંસ્કારો જ આપણા દુઃખનું કારણ બને છે. એટલે સુખ માટે એને વિરામ આપવો અતિ આવશ્યક છે. આત્માના આદિ, અનાદિ સંસ્કારોનો ઉપયોગ કરવો એ જ સંસ્કારોનું મૌન છે.

(અનુસંધાન પેજ નં. 14 પર)

બુદ્ધિના પ્રકાર

બ્ર. કુ. જૂનાગઢ

બુદ્ધિ એટલે સમજવાની શક્તિ, મુરલીમાં આવતા બુદ્ધિના વિશેષણોને મહીનતાથી સમજી, સ્વની બુદ્ધિને ચેક કરીએ, જેટલી બુદ્ધિની નિપુણતા વધે તેટલો આત્મા શક્તિશાળી બને. જો સ્વની અંદર કઈક ખૂટે છે, તો જ્ઞાનની ગુહ્યતાને વધુ સારી રીતે સમજીને જ્ઞાન સાગર સમાન શક્તિશાળી બનવા પુરુષાર્થ કરીએ.

૧. મહિન બુદ્ધિ - એક વાક્યમાંથી ખૂબ ઊંડો, અલગ રહસ્ય વાળો અર્થ કાઢવો.

૨. રોયલ બુદ્ધિ - ઉચ્ચતમ આદર્શ સાથે એકસરખું નિયમિત જીવન જીવવાની કળા.

૩. પારસ બુદ્ધિ - જેમની વાત સાંભળીને કઈક શીખવા મળે, કોઈ વિચારધારા અપનાવવાની કોશિશ કરે.

૪. પથ્થર બુદ્ધિ - કોઈપણ પ્રકારનાં જ્ઞાનની અસર ન થવી.

૫. ડલ બુદ્ધિ - કોઈપણ નવી વાતની સમજવાની કે ધારણ કરવાની કોશિશ ન કરવી.

૬. ભેંસ બુદ્ધિ - ધીરે ધીરે ક્યાંરેક ક્યારેક થોડું સમજવું.

૭. તેજ બુદ્ધિ - તરત જ વિચારને, સારી રીતે નિર્ણય કે કાર્યમાં લાવવવાની કળા.

૮. વિશાલ બુદ્ધિ - સામાન્ય વાતને ખૂબ વિશાળતાથી જોવી.

૯. સ્થિર બુદ્ધિ - સર્વ વાત, વ્યક્તિ, પરિસ્થિતિ, દુ:ખમાં સ્થિર વિચારધારા, ફૂલ સ્ટોપ.

૧૦. મોટી બુદ્ધિ - ઉપર ઉપરથી સમજવું તે, સાચો ભાવ ન સમજવો.

૧૧. પ્રીત બુદ્ધિ - ઈશ્વરીય ભાવને સમજી જ્ઞાન પ્રેમથી સ્વીકારવું.

૧૨. વિપરીત બુદ્ધિ - ઈશ્વરીય શિક્ષાથી વિરુદ્ધ દિશાનાં આચરણ માટેની વિચારધારા.

૧૩. સુરુડ બુદ્ધિ - કોઈ એક મોટા જટિલ પ્રશ્નમા એક સરળ અને અનન્ય રસ્તો શોધવો.

૧૪. સાત્વિક બુદ્ધિ - જેના સ્વભાવમાં સત્યતા, પારદર્શક્તા દેખાય તેવી વિચારધારા

૧૫. ડિવાઈન બુદ્ધિ - ઈશારામાં કે શાન કે બીજાનું જીવન જોઈ સમજી જાય તેવી વિચારધારા.

૧૬. સતોપ્રધાન બુદ્ધિ - આચરણ, વ્યવહાર, જીવન દેવતાઓ જેવી વિચારધારા.

૧૭. તીક્ષ્ણ બુદ્ધિ - કોઈ વાતનું ખૂબ સારું અર્થઘટન કાઢવું.

૧૮. સ્વચ્છ બુદ્ધિ - બધા પ્રત્યે સમભાવ કે સ્વીકાર ભાવ વાળી વિચારધારા.

૧૯. મલીન બુદ્ધિ - વિકારી વિચારો, નેગેટીવ વિચારધારા.

૨૦. ઈશ્વરીય બુદ્ધિ - ઈશ્વર સમાન બોલ, કર્મ એક સમાન પોઝીટીવ.

૨૧. વિવેક બુદ્ધિ - ક્યારેશું કરવું, તે સમયસર સમજી દિલની વાતને સાચી રીતે આકારમાં લાવવી.

૨૨. સતો બુદ્ધિ - આશીર્વાદ, શુભ ભાવનાવાળી વિચારધારા.

૨૩. રજો બુદ્ધિ - સ્વાર્થ, આસક્તિ, સ્વ પ્રતિ વિચાર ધારા.

૨૪. તમો બુદ્ધિ - દુઃખ દેવું, છીનવી લેવું, દેહ અહંકારવાળી વિચારધારા.

૨૫. મનન બુદ્ધિ - એક વાતને ચારેય દિશાથી વિચારી લેવી અને ગુહ્ય તથ્ય નિકાળવું.

૨૬. ભ્રમિત બુદ્ધિ - સામાન્ય વાતને બીજી ઘણી નેગેટીવ બાબતથી બિનજરૂરી વિચારવી.

૨૭. દુષ્ટ બુદ્ધિ - અત્યાચાર, અશાંતિ અને દુઃખ ફેલાવવાવાળી વિચારધારા.

૨૮. તર્ક બુદ્ધિ - સારી સમજ સાથે નવી દિશામાં વિચારવું.

૨૯. દૈહિક બુદ્ધિ - દેહ અને દેહની દુનિયાની દ્રષ્ટિથી વિચારવું

૩૦. દેહી બુદ્ધિ - આત્મિક દ્રષ્ટિથી, બધાનું સમાન, શુભ વિચારવું.

૩૧. સર્જનાત્મક બુદ્ધિ - નકામી બાબતમાંથી નવું કઈક સર્જન કરી શકાય તેવી વિચારધારા.

૩૨. આંતર બુદ્ધિ - અંતર મનના સંકેતને ઓળખીને કર્મમાં આવવું.

૩૩. દુર્બલ બુદ્ધિ - કેમ, ક્યારે, ક્યાં પ્રશ્નો વાળી વિચારધારા.

૩૪. સબલ બુદ્ધિ - બીજાનાં વિચારોમાં બળ ભરી શકે તેવી વિચારધારા.

૩૫. આદર્શ બુદ્ધિ - દરેક બાબતથી, તેનું આચરણ જોઈને બીજાને પ્રેરણા મળે કે આપણે પણ આવું આચરણ કરવું જોઈએ તેવી વિચારધારા.

૩૬. દૂરંદેશી બુદ્ધિ - અમુક કાર્ય માટે ભવિષ્યનું ખૂબ દૂરનું વિચારીને નફા- ખોટને પારખવું.

૩૭. સાર બુદ્ધિ - સો વાતો માંથી એક નવી, ટૂંકી અને સરળ બાબતોને સ્વીકારી સફળ થવાની વિચારધારા.

૩૮. ગુહ્ય બુદ્ધિ - ખૂબ ઊંડાણપૂર્વક વાતમાથી ઊંડો સચોટ ભાવ સમજવો.

૩૯. પવિત્ર બુદ્ધિ - જે વિચારોમાં પારદર્શકતા, આકર્ષણ હોય તેવી વિચારધારા.

૪૦. વિકારી બુદ્ધિ - જેમાં અપવિત્રતા કે હીનતા છે, દૈહિક વિચારધારા.

૪૧. પરખ બુદ્ધિ - વધારે વાતોમાંથી બેસ્ટ વાતને સ્વીકારીને અમલ કરવા વાળી વિચારધારા.

૪૨. રાઈટચસ બુદ્ધિ - બધી વાતમાંથી સત્ય અને હિતનું વિચારી શકે તેવી વિચારધારા.

૪૩. રહમ બુદ્ધિ - અશુભ, દુઃખ આપવાવાળી વ્યક્તિ પ્રત્યે પણ તરસ સાથે શુભભાવના રાખવા વાળી વિચારધારા. ॥ **ઓમશાંતિ** ॥

(પેજ નં. 23નું અનુસંધાન)... માનસિક સ્વાસ્થ્ય

છીએ. જેનાથી મન થાકી જાય છે. કમજોર બની જાય છે.

પ્રભુ પિતાએ આપણને આ ધરા ઉપર મોકલ્યા ત્યારે, આપણું મન ખૂબ જ શુદ્ધ, સરળ અને શક્તિશાળી હતું. પણ સમયાંતરે શક્તિ વપરાતા વપરાતા કમજોર બની ગયું છે. ફરીથી પ્રભુ પિતાની સાથે મનનો દોર જોડીને, સર્વશક્તિવાન પ્રભુ પિતાથી શક્તિ મેળવી ને આપણું મન શક્તિશાળી બનાવી લઈએ. જેથી જીવનને ચલાવવામાં સરળતા પ્રાપ્ત થાય છે.

માનસિક સ્વાસ્થ્ય માટે સર્વ રોગોની એક જ દવા રાજયોગ છે. સર્વશ્રેષ્ઠની સાથે યોગ લગાવવાથી આપણા મનના બધા જ રોગો દૂર થાય છે. આ ફક્ત શ્રદ્ધા જ નહીં, વિશ્વાસની સાથે સાથે, હકીકત પણ છે. આપણે તેને અજમાવી જોઈએ. રાજયોગનું શિક્ષણ બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર ઉપર ફ્રી આપવામાં આવે છે. ॥ **ઓમશાંતિ** ॥

બાપસમાન બનવું એટલે

રહેમ, દયા અને કરુણાની પરાકાષ્ઠા અનુભવ કરવી

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ

કેટલાક પ્રસંગો એવા હોય છે જે લખતા - લખતા જ મન અન્વેષણની પ્રક્રિયા શરુ કરી દે છે. વળી અનુભવોની લેનદેન પરિપક્વતાને વહોરવા માટેનું શ્રેષ્ઠ સાધન છે. માટે જ લેખકને હમેશા અનુભવ સાંભળવા, અનુભવોની લેનદેન કરવા હમેશા રુચી રહી છે. આજે પણ લેખકની કલમ આપની સેવામાં તૈયાર છે.

કોઈ પણ બ્રાહ્મણ હોય કે પછી પોતે લેખક! દરેક વ્યક્તિ શું ઈચ્છે છે? બાપસમાન બનવાની હરોળમાં આપણે પણ હોઈએ તો કેટલું સારું! વળી એક વાત સર્વને સ્વીકારવી જ પડશે કે અહિયાં સંપન્ન કે સંપૂર્ણ કોઈ નથી. બધા જ પુરુષાર્થી છે. દરેકના પુરુષાર્થની તીવ્રતા ભિન્ન-ભિન્ન હોઈ શકે પણ બાપસમાન બનવાનું લક્ષ્ય તો સૌનું સમાન છે.

એજ વિષયને લઈ આજે સાકાર મુરલી વાંચતા મનોમંથનમાં જે અમૃત કળશ લેખકને સાંપડ્યો છે. એની ભેટ આપને આપવા માંગે છે. આપ જાણો છો કે કેટલાક સમયથી લેખકે પ્યારા બાબાને ઓળખવાની મથામણ આદરી છે ત્યારે આજના અમૃત કળશમાંથી વહેતી જ્ઞાનની ધારાએ ઊંડાણમાં સિંચન કર્યું છે. આપણે તો કહી દઈએ છીએ કે મારે બાપસમાન બનવાનું છે. પરંતુ **બાપસમાન બનવું એટલે શું?** એની સ્પષ્ટતા બુદ્ધિમાં હોય એ પણ આવશ્યક છે. તેથી લેખકના બુદ્ધિરૂપી જટામાં સમાયેલી દાદી જાનકીજીના મુખારવિંદથી સાંભળેલી બાબાની રહેમ, દયા, કરુણાની પરાકાષ્ઠાને લેખકે જ્ઞાનગંગા સ્વરૂપે વહેતી કરી છે..

ડાયમંડ હોલની બેહદની સભા... મંચ ઉપર ઉમંગ- ઉત્સાહ અને પ્યારા બાબાના પ્રેમમાં ઓતપ્રોત એવા દાદી જાનકીજીના મુખેથી લહેરાતી પ્રેમ સંપન્ન લહેરો... સભામાં ક્યારેક તાળીઓ તો ક્યારેક સન્નાટાનો થતો અનુભવ... આજની સભાની એ વિશેષતા હતી... સાકાર બાબા સાથેના અનુભવની ગાથા સાંભળતા સાંભળતા માનસપટ ઉપર યજ્ઞ ઈતિહાસના ચિત્રણો ઉમટી રહ્યા હતા... સભામાં દરેકની આંખો ભીની થઈ ગઈ હતી... દાદીજીના મુખારવિંદથી વહી રહેલી વાણી અને સભામાં ઉપસ્થિત ભાઈ બહેનોના કાનમાં અથડાતા સ્વર રણકારથી ઉત્પન્ન થતી અશ્રુધારાઓએ ભાગવતની યાદ અપાવી હતી. આજે દાદીજીનો મૂડ આસમાને ઝૂલી રહ્યો હતો. ડાયમંડ હોલનું વાતાવરણ બાબાની યાદથી પૂર્ણત: પ્રકંપિત હતું. દરેકના હૃદયમાં બાબા માટેનો પવિત્ર પ્રેમ છલકાઈ રહ્યો હતો. દાદીજીના મુખારવિંદથી સંભળાતી ભાગવત કથાએ પ્રેમસાગરમાં સૌને ભીની આંખે ઊંડી ડૂબકી લગાડવા મજબૂર કરી દીધા હતા..

પ્રસંગ હતો દાદીજીના આરંભના દિવસોનો. દાદીજીને સંસ્થામાં જોડાયાને થોડો જ સમય થયો હતો. દાદીજી ઘરેથી મુરલી સાંભળવા બાબા પાસે જતા હતા. ત્યારે દાદીજીની સામે રહેતા એક બેન દાદીજીને રોજ જતા જોવે. બેન માનસિક રીતે ખૂબ જ દુઃખી અને શારીરિક દ્રષ્ટિથી ખૂબ જ કુરૂપ. શાસ્ત્રમાં એવી વ્યક્તિ માટે કુબ્જા શબ્દ વપરાયેલો છે. બેન અંધારામાં ઉભી રહે તો તેણીની માત્ર

આંખો અને દાંત જ દેખાય. દાંત પણ આગળ ઉપસેલા. બેનના પાછલા જન્મના કર્મ સિદ્ધાંત મુજબ કહી શકાય તેમ જેના કોખે જન્મ લીધો એ જનનીએ પણ તેણીને નફરત સિવાય કશું આપ્યું જ નહીં હોય. ના શિક્ષણ, ના પ્રેમ. બેનના કારણે તેણીના માતા-પિતા હમેશા પોતાના ભાગ્યને કોસતા રહેતા. દીકરી મોટી થઈ, પણ લગ્ન કોણ કરે? તેથી એના મા-બાપે રૂપિયા આપી લગ્ન કરાવી દીધા. પહેલાના જમાનામાં છોકરા છોકરીને બતાવવાનો રિવાજ ન હતો તેથી વચેટિયાએ પ્રસંગ પાર પાડ્યો. પણ છોકરાએ છોકરીને જોયા પછી છૂટાછેડા આપી દીધા. એવી કરુણતા ધરાવતા બેન દાદીજીને રોજ સવારે બાબા પાસે સત્સંગમાં આવતા જુએ. એક દિવસ બેન પણ દાદીજી સાથે બાબા પાસે પહોચી ગયા. બેને બાબાના ઘરમાં આવવાની હિમ્મત ના કરી. **બાબાએ બેનને જોયા અને હાંક મારી, 'આઓ બચ્ચી' બાબાના મુખકમળથી નીકળતા મીઠા બોલથી બેન સ્તબ્ધ થઈ ગયા. જન્મતાની સાથે નફરત સિવાય બેને કોઈ પ્રાપ્તિનો અનુભવ કર્યો ન હતો. તેથી સ્વપ્ન-સંકલ્પથી પરે જોઈ-સાંભળી બેન તો સ્તબ્ધ થઈ જાય ને! કેવો અનુભવ હશે એ? એવા મીઠા શબ્દોને તરસતા બેનના કાનને પાવન બનાવી દીધા હોય એવો અનુભવ તેણીએ કર્યો હશે. સ્વપ્નમાં પણ વિચાર્યું ના હોય કે કોઈ મને સ્નેહયુક્ત 'આઓ બચ્ચી' જેવા મીઠા શબ્દોથી હાંક પણ મારશે. એ મીઠા શબ્દો સાંભળી બેનની આંખોને માત્ર ભીની કરી ન હતી પણ બેનના પગને પણ દોડતા કરી દીધા હતા, તેણીના હાથને બાથ ભરવા મજબૂર કરી દીધા હતા. જન્મ-જન્મથી પરમાત્માના પ્રેમને તરસતી આત્માની શોધ આજે પૂર્ણ થઈ હતી.**

બાબાએ આપેલી હૂંફ, બાબાનો માથે ફરતો પ્રેમાળ હાથ આત્માના કલ્યાણ માટે પૂરતો હતો. બસ, આત્માનું દિલડું એક જ ગીત ગાતું હતું, 'મીઠા બાબા, પ્યારા બાબા, મારા બાબા' બાબાએ પણ રિસ્પોન્સ આપ્યો, 'મીઠી બચ્ચી, પ્યારી બચ્ચી, મેરી બચ્ચી.' આત્મા સર્વ પ્રકારનું દુખ-દર્દ ભૂલી પ્રભુ પ્યારમાં ખોવાઈ ગઈ. જૂનું શરીર, જૂની દુનિયાના ભાનથી પાર... કેવી અદભુત ક્ષણ હશે? એ ક્ષણ પણ ધન્યતાનો અનુભવ કરતી હશે. ડ્રામાની સોય પણ થંભી ગઈ હશે. નિયતિ, ધરતી, ગગન શું પાચેય તત્વોને પણ બેનના ભાગ્ય ઉપર નાઝ થયો હશે. પછી શું? બેનના જીવનમાં પ્રકાશ પથરાયો. બેન દાદી સાથે રોજ સત્સંગમાં આવી જાય. બાબાની સામે જ જઈને બેસે. એક પણ પાંપણ મીચ્યા વગર બાબાને જોયા જ કરે. નિયતિની બલિહારી તો જુઓ યજ્ઞ હૈદરાબાદથી કરાંચી ખસેડવાનો સમય આવ્યો. તેણીએ પણ જિદ્દ કરી હું પણ આવીશ. બાબાએ પ્રેમથી બેનને રજા આપી. બેન પણ યજ્ઞમાં રહ્યા. થોડા સમયમાં જ તેણીનું શરીર બીમારીના બંધનમાં બંધાઈ ગયું. બેને અસહ્ય બીમારીના કારણે પથારી સંભાળી લીધી. યજ્ઞમાં માતા-બહેનો, મમ્મા, દીદી-દાદીઓ સેવા માટે તૈયાર હતા. પણ બાબાએ જ દિલથી બેનની સેવા કરી. અંતે આત્મ-પંખીડાએ દેહનું પાંજરું છોડી બેહદ ગગનમાં ઉડાન ભરી. બાબાએ બેનની અંતિમ સંસ્કારની તમામ વિધિ જાતે જ સંપન્ન કરી. સૌના સંકલ્પ-સ્વપ્નથી પાર આ અવિસ્મરણીય દૃશ્ય હતું. સૌના વિચાર ચક્રમાં એક જ પ્રશ્ન! શું છે આ વિચિત્ર લીલા? વાસ્તવમાં પ્રભુની ગત-મત ન્યારી છે. એને સમજવવા માટે દેહભાન - દેહાભિમાનમાં ફસાયેલી બુદ્ધિને નેવે મૂકવી પડે. શાસ્ત્રમાં તો કહી દીધું છે કે ભગવાન ગણિકા-અહિલ્યા-

કુબ્જાનો પણ ઉદ્ધાર કરે છે. કથા તો ઘણી સાંભળી છે. પણ પ્રેક્ટીકલમાં જેમણે જોયું એ આત્માઓ કેટલી ભાગ્યશાળી હશે? એમના કાન, એમની આંખો કેટલી શ્રેષ્ઠ હશે? ધન્ય છે એ આત્માઓ જેમને ભગવાનની લીલાઓને નરી આંખે નિહાળી. પ્રસંગ પૂરો થતા મીઠી મમ્માએ બાબાને પૂછી જ લીધું.'બાબા, અમે સૌ હોવા છતાં અમોને સેવા કરવા માટે કેમ ના પાડી ? આ શું પાર્ટ હતો?' **બાબાએ કહ્યું, 'બચ્ચી, આત્મા જન્મ-જન્મ સે પ્યાસી થી. બચ્ચી જબ બાબા કે ઘર આઈ તબ સે બચ્ચીને બાબા કે સાથ દો સંબંધ બાંધે. એક બાપ કા ઔર દૂસરા પતિ કા. તો બાપ ભી બચ્ચોં કો રીટર્ન દેને કે લિએ બંધાયમાન હૈ. ઈસલિએ બાપને બાપ ઔર પતિ દોનોં કા કર્તવ્ય નિભાયા.'** આ પ્રસંગ કોઈ સાધારણ પ્રસંગ નથી. બાપસમાન બનવાના લક્ષ્ય માટેની કસનળી (ટેસ્ટ ટ્યુબ) છે. રહેમદિલ, કરુણાના સાગર, દયાના સાગર જેવા ઉંચ્ચ કોટીના શબ્દો બાબા માટે કેમ વપરાયા છે? એની પ્રત્યક્ષતા છે. વળી ભગવાન આપણને બાપસમાન બનવાનું લક્ષ્ય આપી અપ્રત્યક્ષ રીતે તેઓ કેટલી ઉંચી દ્રષ્ટિથી આપણને જુએ છે એની આ પરાકાષ્ઠા છે.

એવો જ પ્રસંગ યજ્ઞમાં સૌએ સાંભળ્યો છે. વાત પાંડવ ભવનની છે. પાંડવ ભવનના મુખ્ય દરવાજા પર બહેનો ચોકીદારીની સેવા આપી રહ્યા હતા. એક યુગલને સામેથી પાંડવ ભવન તરફ આવતા જોયું. આ જોઈને સિક્યુરીટી સેવામાં સેવારત બહેનો પ્યારા બાબા પાસે ગયા અને સમાચાર આપ્યા. બાબા પગરખા પહેર્યા વગર દોડીને મુખ્ય દરવાજે ગયા. બંનેને બાથમાં લઈ લીધા. બાબાએ તેઓને ખૂબ જ પ્રેમ કર્યો. આદર સાથે બાબાએ આવકારી હાથ પકડી અંદર લઈને આવ્યા, ટોલી ખવડાવી. આ દૃશ્ય જોઈ બધાની આંખો પહોળી થઈ ગઈ. બધા વિચારતા થઈ ગયા કે બાબાનો કેવો વિચિત્ર પાર્ટ છે આ? જે કુમાર - કુમારી યજ્ઞ છોડીને ગયા, માયા કે પરિસ્થિતિ વશ થઈ રાવણની દુનિયામાં જતા રહ્યા, જેઓએ ભાગીને લગ્ન કરી લીધા, બાબાનું નામ બદનામ કરવા નિમિત્ત બન્યા, જે ધિક્કારને પાત્ર છે, તેમને બાબા આ રીતે ઉમળકાભેર ભેટે છે, ઉલ્લાસભેર આવકારે છે. આ કેવો વિચિત્ર પાર્ટ છે? બાબા શું શીખવાડવા માંગે છે? બધાના મનમાં વિચાર ચક્ર ફરતું થયું. વ્હાઈ? વોટ? હાઉ?...જેવા પ્રશ્નાર્થ ચિન્હ ધરાવતા વાક્યોએ સૌના મનમાં વણઝાર સર્જી દીધી. બાબા તો જાની-જાનનહાર.. બાબાએ આપેલા જવાબમાં બાબાની ઉંચ કોટિની ભાવના દરેકના હૃદયને સ્પર્શી હતી, બેહદની કરુણા છલકાતી હતી, ક્ષમાભાવની ઊંચાઈ મહેસૂસ થતી હતી. પ્યારા બાબાએ કહ્યું, 'બચ્ચી, બાબા ક્ષમા કા સાગર હૈ, બચ્ચે બાબા કે પાસ આયે તો બાબા કૈસે ઠુકરા સકતા હૈ? જો બાબા ઠૂંકરાયેગા તો બચ્ચે કહા જાયેંગે?'

બાબાએ બ્રહ્માના મુખારવિંદથી માત્ર જ્ઞાન આપ્યું નથી પરંતુ બ્રહ્મા દ્વારા કર્તવ્ય કરીને પ્રેક્ટીકલનો અનુભવ પણ પૂરો પાડ્યો છે. બાબાના મહાવાક્યો લેખકના કાનમાં સતત અથડાતા રહે છે કે 'મીઠા બાળકો, શિવબાબાને સાંભળો અને બ્રહ્માબાબાને ફોલો કરો.' શાસ્ત્રોમાં પણ એની યાદગાર છે જ ને! 'શ્રીકૃષ્ણને સાંભળવા અને શ્રીરામને અનુસરવા' એ જ અર્થ તો છે બાપસમાન બનવાનો! માટે અંતે લેખકના મનમાં એક જ પ્રશ્ન ઉદ્‌ભવ્યો છે. શું હું બાપસમાન રહમદિલની ઊંચાઈનો અનુભવ કરું છું?

॥ ઓમશાંતિ ॥

દિવ્યદર્શન

આપણા સૌના દીદી મનમોહિનીજી

બ્ર.કુ. ડૉ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

યજ્ઞના આધારમૂર્ત આપણા સૌના લાડીલા દીદી મનમોહિનીજીની કેટલીક વિશેષતાઓ -

બેહદની દ્રષ્ટિ અને બેહદનો દ્રષ્ટિકોણ

દીદીજી ક્યારેય તારા મારાની હદોમાં આવ્યા નથી. કે સેવા માટે આ એરીયા આ વ્યક્તિનો છે અથવા કે આત્માનો છે. આવી કોઈ પ્રકારની ભાષા દીદીના મુખથી ક્યારેય સંભાળવા મળી નથી. તેઓ સદા બેહદમાં રહેતા અને બેહદનું જ વિચારતા. તેઓ બેહદનું સમજી અને સૌની પાલના પણ કરતા. હું અને મારું જેવા શબ્દોની ભાષાથી તેઓ સદા મુક્ત રહ્યા.

નિમિત અને નિર્માણ

યજ્ઞની વિવિધ જવાબદારીઓ સંભાળતા પણ દીદીજીના મનમાં કે ચિત્તમાં સદાય કરન-કરાવનહાર બાબા છે, તે કરે છે અને તે જ આપણી પાસે કરાવે છે. તે સ્મૃતિ અને ભાવ રહેતો. આવા સંપૂર્ણ નિશ્ચયની સાથે સાથે સ્વયંને પણ નિમિત્ત માત્ર બનાવી, સદાય નિર્માણ બનીને જ રહ્યા. દીદીના દરેક બોલમાં ક્યારેય કોઈ અભિમાનનો અંશ માત્ર પણ દેખાયો નથી.

વિશાળ હ્દયની સાથે ઈકોનોમીનો અવતાર

દીદી યજ્ઞમાં આવનારા મહેમાનોની ભરપૂર ખૂબ જ સરભરા કરતા. ક્યારેક ક્યારેક એવા કાર્યક્રમો કરતાં જેમાં ૩૬ પ્રકારના અથવા ૫૬ પ્રકારની ખાવાની વસ્તુઓવાળું વિવિધતાસભર બ્રહ્માભોજન કરાવતા. એકવાર તો દીદીજીએ ૧૦૮ પ્રકારનો વેરાયટી ભોગ બનાવડાવ્યો, અને તે સૌ બ્રહ્માવત્સો સાથે બેસીને સ્વીકાર કર્યો. ત્યારે તેમણે તેની સાથે સાથે અનાસક્ત વૃત્તિઓ ઉપર પણ ધ્યાન ખેંચાવડાવ્યું. દીદી યજ્ઞની ઈકોનોમીનું ખૂબ જ ધ્યાન રાખતા. હંમેશાં દીદી કહેતા કે, બાબાના ગરીબ બાળકો, ભોળી ભોળી માતાઓ પોતાની જાત મહેનત કરી, પરસેવો પાડી, મહેનતની કમાણી યજ્ઞ માટે મોકલે છે. એટલા માટે કોઈ પણ વ્યર્થ ખર્ચ કરવો જોઈએ નહીં. પોતાના માટે સૌથી ઓછામાં ઓછો ખર્ચ થાય આ બાબતનું તેઓ સવિશેષ ધ્યાન રાખતા. સાધન સુવિધા એ બધું માત્ર સેવા માટે છે પોતાના માટે નહીં.

અપકારી ઉપર પણ ઉપકાર કરવાની ભાવના

ક્યારે કોઈ વ્યક્તિ યજ્ઞની કે કોઈ મોટા વ્યક્તિઓનું અપમાન કરતા અથવા કોઈ ઊલટું બોલતા, તો પણ દીદી કહેતા કે, બાબાએ સૌના ઉપર ઉપકાર કર્યો છે ક્યારેય કોઈનો દોષ જોયો પણ નથી, એટલા માટે ક્યારેય કોઈની સાથે બદલો લેવાની ભાવના રાખો નહીં. બીજાને બદલવા કરતા પોતાને બદલી લો. તેમાં જ ભલાઈ છે.

ઉપરામ અને સાક્ષી દૃષ્ટા

દીદીના અવ્યક્ત થવાના થોડા મહિના પહેલાથી જ તેઓ બધા પ્રકારના કારોબારથી ધીરે-ધીરે ઉપરામ થતા ગયા હતા. ક્યારેય કોઈ વ્યક્તિ દીદીને વાત સંભળાવે તો દીદીજી કહેતા આ બધી વાતોને હવે છોડો હવે તો ઘરે જવાનો

સમય છે. આ વાક્યના આધાર ઉપર જ એક ગીત બનાવ્યું છે. અબ ઘર ચલના હૈ. આ એક સ્મૃતિ સાથે દીદી સાક્ષી દૃષ્ટા બનતા ગયા, કાર્ય-વ્યવહારથી ઉપરામ થતા ગયા અને ૨૮ જુલાઈ ૧૯૮૩ એ તેઓ ભૌતિક દેહથી જુદા થઈ અવ્યક્ત વતનવાસી બની બેહદની સેવામાં ચાલ્યા ગયા.

॥ ઓમશાંતિ ॥

● જરા વિચારીને અનુભવ કરો કે... તમારા ગુણોની સુગંધ સંસારમાંથી દુર્ગુણોને દૂર કરશે. તમે ભગવાનનાં બાળકો ગુણોથી પોતાનું જીવન એવું મહેંકાવો કે સંસાર સુગંધિત થઈ જાય. સહનશીલ બનો અને નમ્રચિત્ત બનો તો તમે સૌને પ્રિય લાગશો. તમારું જીવન બીજાઓને સત્યદિશા પ્રદાન કરશે. તમારું આચરણ સૌનાં મન મોહી લેશે. ગુણોના ચૈતન્ય ગુલદસ્તા બનીને સ્વયંને શિવબાબા પર અર્પણ કરો.

(પેજ નં. 18નું અનુસંધાન)... વિદ્યા વિનયથી હંમેશા સફળ થાય છે. જ્ઞાન વ્યવહારમાં ન હોય, અને વ્યક્તિ ફક્ત ભાષણબાજી કરતી હોય તો તેની હાંસી ઉડાવવામાં છે. વિવિધ વિદ્યાઓના જાણકાર હોવા છતાં પણ અહંકારી હોવાથી સર્વત્ર નિંદા જ થાય છે. સાચું કહું તો, અહંકારથી દૂષિત વાણી વિદ્વાન અને વિદ્યાપતિના ચારિત્ર્યને શોભતી નથી, આથી કહેવાયું પણ છે કે ‘ વિદ્યા વિનયથી શોભે છે.’ ॥ઓમશાંતિ ॥

અનુવાદ- બ્ર.કુ. વિજય પોશિયા,
ઈન્ડિયા કોલોની, અમદાવાદ.

સમજણ

બ્ર. કુ. જૂનાગઢ

સરોવર શાનનું છલકાય તો છલકવા દેજે,
કદાચ સમજણ નભે અડે,
ઉંચી સમજણનાં દોરથી પતંગ ઊંચી જાય,
ઉંચેરાનો આનંદ હોય,
ભલે હોય તન જમીન,
સાચી સમજણનો મોભો વધ્યો,
એજ મારે મન માણેક મોતી,
અણસમજણના ગોથામાં,
સમજણનો રસ્તો કરી પામીએ પરમાર્થને,
સમજણ સાચી તારી-મારી સૌની,
સૌની સમાન ભૂમિકા આ સમજણમા,
પામવા પરવરદિગારને,
એજ સમજણ કાફી ‘ સૌ આત્મા ’,
સરળતા, સમાનતાના નાદ વાગતા
આ સમજણથી,
સમજણ ઉભરે તો શમે અંતરનાં અહમ,
ઊગે સમભાવ, વહે જો સમજણની સરવાણી,
તો વહે પ્રેમ ઝરણું,
ઊભે જો સમજણ તો એકાંતનો આનંદ થાય,
એ જ શાનમાં
સમજણથી સરોવર ખુશીનું છલકાય.
જેથી નભે ઉડાય.

॥ ઓમશાંતિ ॥

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Gujarat Offset Private Ltd. 'Offset House', Opp. Jain Ashram, Station Road, Vatva, Ahmedabad – 382 440. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલી ભાગ – ૫૬ અહીં પ્રસ્તુત છે. જેની આડી–ઉભી ચાવીઓ ભરશો. જ્ઞાનના ચિંતનના આધારે આપના જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. આપને આવતાં અંકમાં ભાગ – ૫૬ના જવાબો મળશે. આ સાથે નીચે ભાગ – ૫૫ના જવાબો આપેલ છે.

સંગમયુગની શબ્દાવલી ભાગ - ૫૬

1	2	3			4	5			6
7				8					
9			10				11	12	
		13					14		
15						16			17
		18		19				20	
21	22						23		24
25			26		27	28		29	
30		31			32		33		
		34				35			

શબ્દાવલી ભાગ - ૫૫ના જવાબોવાળું કોષ્ટક

1 સ	ર	2 સ્વ	3 તી		4 સ્મૃ	તિ	5 દિ	6 વ	સ
ર		7 દે	ન		તિ		8 વ્ય	ય	
9 લા	10 લા	શ		11 રૂ		12 ની	લો		13 પ
14 દી	લ		15 જે		16 ઝ	લ	ક		ર્યા
દી		17 સા	ઠ			મ		18 ન	વ
	19 પ	લ				20 પ	લ	ભ	ર
21 પ	ર્સ		22 મા	23 તે	શ્વ	રી			ણ
	ના			રા			24 અ	ના	દિ
25 તા	લી	26 મ		27 મે	28 રા		જ		વ
29 જ	ટી	લ		30 રા	હ	બ	ર		સ

આડી ચાવીઓ

૧. શાશ્વત (૪)
૪. અષાઢ સૂદ પૂનમ (૫)
૭. થોડુક (૩)
૮. પરમાત્માનું ..... બિંદુ છે. (૩)
૯. મર ઉલ્ટું લખો (૨)
૧૧. ૬૦ મિનિટ (૩)
૧૩. નવનિર્માણ (૪)
૧૪. પરમાત્મા ..... સ્વરૂપ છે. (૨)
૧૫. તુમ્હારા યહ ..... જન્મ હૈ (૪)
૧૬. .... વીર (૨)
૧૭. મમ્મી, માતા (૧)
૧૮. શાંતિવનનું એક કોમ્પલેક્ષ (૭)
૨૧. શાંતિ (૩)
૨૩. ઈન્સાફ કી ..... પે બચ્ચો (૩)
૨૫. VIM લખો (૨)
૨૬. દયાળુ, દયાવાન (૪)
૨૯. ખૂન, લોરી (૨)
૩૦. ..... નશા (૪)
૩૨. વેરાન, ઉજ્જડ પ્રદેશ (૩)
૩૪. ચહેરો (૩)

ઊભી ચાવીઓ

૧. આત્મા ..... છે. (૧૦)
૨. આરામ, વિશ્રામ (૩)
૩. માયા ..... સે પકડતી હૈ (૨)
૪. ભોગનો દિવસ (૪)
૫. દેખાવ (૨)
૬. ધ્વનિવર્ધક યંત્ર (૬)
૧૦. ઈતવાર (૪)
૧૧. એક વટવૃક્ષ (૫)
૧૨. શરમ, લજ્જા (૨)
૧૬. મંગલ (૨)
૧૯. પપ્પાના મમ્મી (૩)
૨૨. એક હલ્કો ખાદ્ય પદાર્થ (૩)
૨૪. ..... દાન – મહાદાન (૪)
૨૬. પલ ભર (૩)
૨૭. ..... અનાદિ (૨)
૨૮. ધૂન (૩)
૩૧. કીર્તિ, નામના (૨)
૩૩. અપરાધી (૩)

ઉંમરગામ ખાતે 'સરપંચ સંમેલન'માં તાલુકા સરપંચ સંઘના પ્રમુખ રાકેશભાઈ વધાત, Asst. TDO જયેશભાઈ, પ્રાકૃતિક એગ્રીકલચર ફાર્મના નરેશભાઈ, બ્ર.કુ. રાજેશભાઈ, બ્ર.કુ. ચેતનાબેન.

ખેડામાં 'પર્યાવરણ જાગૃતિ રેલી' વૃક્ષારોપણ બાદ સમૂહમાં નગરપાલિકા પ્રમુખ જ્યોત્સનાબેન, ડૉ. અરવિંદભાઈ, બ્ર.કુ. દક્ષાબેન સાથે પર્યાવરણ જાગૃતિ સંસ્થાના ભાઈ-બહેનો.

નારોલમાં 'હેલ્થ ચેકઅપ કેમ્પ'નો શુભારંભ કરતાં નોટરી ભ્રાતા રાજુભાઈ તથા કોમલબેન, ડૉ. સૃષ્ટિબેન, કામધેનુ ચ્હાના માલિક ભ્રાતા પ્રદિપભાઈ શર્મા, બ્ર.કુ. રંજનબેન.

અબ્રામામાં 'બાળ વ્યક્તિત્વ વિકાસ શિબિર'માં જજ ભ્રાતા બી.જે.પટેલ, દક્ષિણ ગુજરાત પંતજલિ યોગ સંસ્થાનના પ્રમુખ તનુજાબેન, યોગબોર્ડ પ્રમુખ પ્રીતિબેન, બ્ર.કુ. સંગીતાબેન.

ઘમાસણામાં વિવિધ થીમ સાથે આયોજીત 'ડિવાઈન ચાઈલ્ડ સમર કેમ્પ'ના બાળકો સાથે બ્ર.કુ. અરૂણાબેન તથા બ્ર.કુ. જીંકલબેન.

રાજકોટ ગોપનાથ ખાતે 'કિડ્ઝ કેમ્પ' દરમિયાન રોડ સેફ્ટી વિષય પર આધારીત ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર બાળવૃંદ સાથે બ્ર.કુ. ગીતાબેન.

સાવલીમાં 'સમર કેમ્પ યોગ'માં વૃક્ષ બચાવો થીમ આધારીત ચિત્ર સ્પર્ધાના ૯૦થી વધુ બાળ સ્પર્ધકો સાથે બ્ર.કુ. શારદાબેન.

વલસાડમાં 'શાયનીંગ સ્ટર સમર કેમ્પ'માં બાળ વિકાસ સમિતીના પૂર્વ અધ્યક્ષા ભગિની સોનલબેન, બ્ર.કુ. રંજનબેન, બ્ર.કુ. જસુબેન.

ભૂજ-કચ્છ ખાતે BSFના સીનીયર કમાન્ડન્ટ ભ્રાતા વી.પી. પંથરીને ઈશ્વરીય સોગાત આપતાં બ્ર.કુ. રક્ષાબેન.

જૂનાગઢના વરિષ્ઠ 'બ્રહ્માકુમાર નારાયણભાઈ'ની સ્વરાંજલિ કાર્યક્રમમાં બ્ર.કુ. ડૉ. દામીનીબેન, બ્ર.કુ. બીનાબેન, બ્ર.કુ. મધુબેન, બ્ર.કુ. રૂપાબેન, બ્ર.કુ. ગીતાબેન.

ઈસનપુરમાં 'ઘર બને મંદિર' મહિલા સ્નેહમિલનમાં આંખના સર્જન ભગિની ડૉ. ધરીતાબેન, ક્રિષ્ના વેલનેસ સેન્ટરના ભગિની આરતીબેન, નોટરી ભગિની કુમુદબેન, બ્ર.કુ. જાગૃતિબેન.

માળીયા હાટીના સેવાકેન્દ્રના ૩૩મા 'વાર્ષિક ઉત્સવ'માં સામાજીક કાર્યકર્તા ભ્રાતા મહેન્દ્રભાઈ ગાંધી, પટેલ સમાજના અગ્રણી ભ્રાતા દેવજીભાઈ પટેલ, બ્ર.કુ. મીતાબેન, બ્ર.કુ. રૂપાબેન તથા અન્ય.

વડોદરા અલકાપુરી દ્વારા 'વિશ્વ તમાકુ નિષેધ દિવસ' રેલ્વે સ્ટેશને કાર્યક્રમમાં સ્ટેશન ડાયરેક્ટર ભ્રાતા કૃષ્ણગોપાલ સોની, વેસ્ટર્ન રેલ્વેના અધિકારી, પોલીસ કર્મીઓ, બ્ર.કુ. નરેન્દ્રભાઈ, બ્ર.કુ. ભાવનાબેન.

મરોલીમાં 'વિશ્વ તમાકુ નિષેધ દિવસ' નિમિત્તે રેલ્વે સ્ટેશને નશા મુક્ત પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરતાં મદદનીશ સ્ટેશન માસ્ટર ભ્રાતા વિજય મીણા, બ્ર.કુ. જયંતીભાઈ, બ્ર.કુ. મુકેશબેન.

પાસોદરા ખાતે સેવાકેન્દ્રમાં 'વર્લ્ડ એનવાયરમેન્ટ ડે' નિમિત્તે બ્રહ્માવત્સોને વિવિધ વૃક્ષોની સોગાત આપ્યા બાદ સમુહચિત્રમાં બ્ર.કુ. હર્ષાબેન.

સુરત સરથાણામાં 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે બ્રહ્માવત્સોને વૃક્ષો અર્પણ કરતાં બ્ર.કુ. ઈલાબેન.

Gyan Amrit Vol.18 | Issue 07 | July 2025 | Retail Price - 15/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2023-2025 Vaild up to 31st December-2025 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/NG/109/2023-2025 valid up to 31st December 2025, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

દાહોદમાં પધારેલ ભારતના પ્રધાનમંત્રી માનનીય નરેન્દ્રભાઈ મોદીને ઈશ્વરીય સ્મૃતિ ચિન્હ આપતાં બ્ર.કુ. સુરેખાબેન.

રાજકોટ હેપ્પી વિલેજમાં 'શિવશક્તિ લીડરશીપ પ્રોગ્રામ'માં MLA ડૉ. દર્શિતાબેનને મોમેન્ટો અર્પણ કરતાં સંયુક્ત મુખ્ય પ્રશાસિકા સુદેશદીદી સાથે ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી.

રાજકોટ રવિરત્ન સેવાકેન્દ્ર દ્વારા 'તપસ્વી નારી સન્માન' કાર્યક્રમમાં સંયુક્ત મુખ્ય પ્રશાસિકા સુદેશદીદી, ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી, બ્ર.કુ. નલિનીબેન, બ્ર.કુ. દક્ષાબેન, બ્ર.કુ. અંજુબેન, બ્ર.કુ. રેખાબેન, બ્ર.કુ. ગીતાબેન તથા અન્ય.

અમદાવાદ સુખશાંતિ ભવનમાં આયોજીત 'મીડિયા સંમેલન'માં બ્ર.કુ. નેહાબેન, ડીજીટલ એડીટર ચિત્રલેખા ભ્રાતા કેતનભાઈ, સહતંત્રી ગુજરાત ટુડે ભ્રાતા આલમદાર બુખારી, TV9ના એન્કર ભ્રાતા જયેશભાઈ, તંત્રી હિન્દુ સીંધી ભ્રાતા મનોહરભાઈ, પૂર્વ બ્યુરો ચીફ PIB ભ્રાતા યોગેશભાઈ, જલગાઁવના બ્ર.કુ. ડૉ. સોમનાથભાઈ, બ્ર.કુ. ડૉ. નંદિનીબેન તથા અન્ય મહાનુભાવો.

ચિલોડા ખાતે 'સિક્યુરીટી પ્રભાગ'ની રજત જયંતી કાર્યક્રમમાં બ્ર.કુ. ચંદ્રિકાબેન, કોસ્ટગાર્ડના DIG એન. એચ. નંદડોકર, ચેતક કમાન્ડોના SP પી.જી. ધારાયા, SRPFના SP ફાલ્ગુની પટેલ, કર્નલ બ્ર.કુ. સતીશભાઈ, બ્ર.કુ. કૈલાસબેન, બ્ર.કુ. તારાબેન.

વડોદરા અટલાદરામાં 'વિશ્વ પર્યાવરણ દિવસ'ના દિવસે સેવાકેન્દ્ર પધારેલ મ્યુનિસિપલ કમિશ્નર ભ્રાતા અરૂણ મહેશ બાબુ IAS, બ્ર.કુ. અરૂણાબેન તથા બ્ર.કુ. પુનમબેન સાથે વૃક્ષારોપણ કરતાં.

If Undelivered Please Return to Publishing Place :
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

Publisher : Bharti Ranchhoddas Somaiya
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com